# લોકશાહીના પાયાનાં મૂલ્યો

મનુષ્યના સમૂહજીવનના પ્રારંભ સાથે વ્યવસ્થાના કેટલાક પ્રશ્નો ઉદ્‌ભવ્યા. આ પ્રશ્નોના ઉકેલ માટે સમાજની અન્ય સંસ્થાઓની જેમ રાજ્યસંસ્થાનો ઉદ્‌ભવ અને વિકાસ થયો. રાજ્યનાં ચાર આવશ્યક ઘટક તત્ત્વો વસ્તી, વિસ્તાર, સરકાર, અને સાર્વભૌમત્વ છે. તેમાં સાર્વભૌમત્વ અતિ અગત્યનું તત્ત્વ છે. તે રાજ્યને નિર્ણય ઘડતરમાં આંતરિક રીતે સર્વોપરી અને બાહ્ય રીતે સ્વતંત્ર બનાવે છે. આ સાર્વભૌમત્વ મનુષ્યની સ્વતંત્રતા વત્તે–ઓછે અંશે નિયંત્રિત કરે છે. મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે, તેથી સ્વભાવે સ્વતંત્રતાને ઝંખનાર છે.

**સ્વતંત્રતાનો અર્થ :** સ્વતંત્રતાનો અર્થ સ્પષ્ટ કરવા માટે જુદા જુદા રાજ્યશાસ્ત્રીઓએ પ્રયત્નો કર્યા છે. સ્વતંત્રતાનો સામાન્ય અર્થ આપતાં કહી શકાય કે, સ્વતંત્રતા એટલે અન્ય કોઈને નુકસાન ન થાય તે રીતે વર્તન–વ્યવહાર કરવાની છૂટ. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં જોઈએ તો 'સ્વતંત્રતાનો અર્થ એવા વાતાવરણની સ્થાપના  છે, જેમાં મનુષ્યોને પોતાના પૂર્ણ વિકાસની તકો પ્રાપ્ત થાય છે.' આમ સ્વતંત્રતા એક પ્રકારનું વાતાવરણ છે, તે વિધેયાત્મક શક્તિ છે કે જે વ્યક્તિને તેના વિકાસની તકો પૂરી પાડે છે. તે વ્યક્તિને તેની મરજી પ્રમાણે વર્તવાની છૂટ આપે છે. પરંતુ તેનો અર્થ સ્વચ્છંદતા નથી. સમાજના સભ્ય તરીકે અને રાજ્યના નાગરિક તરીકે તે સ્વચ્છંદપણે વર્તી શકે નહિ. આમ, કેટલીક મર્યાદામાં રહીને વર્તન કરવાની છૂટને આપણે સ્વતંત્રતા કહી શકીએ.

### સ્વતંત્રતા (નકારાત્મક અને હકારાત્મક)

રાજ્યશાસ્ત્રીઓએ સ્વતંત્રતાનાં બે પાસાં ગણાવ્યાં છે : (અ) નકારાત્મક અને (બ) હકારાત્મક.

**(અ) નકારાત્મક સ્વતંત્રતા :** કેટલાક અભ્યાસીઓનું માનવું છે કે વ્યક્તિના જીવનનાં બે પાસાં છે. પ્રથમ વ્યક્તિનું અંગત કે ખાનગી જીવન. આ જીવનમાં રાજ્યે કોઈ દખલગીરી કરવી જોઈએ નહિ. કારણ કે વ્યક્તિના અંગત જીવનથી બીજાને હાનિ થતી નથી.

પરંતુ વ્યક્તિના જીવનનું બીજું પાસું એ તેનું જાહેરજીવન છે, એટલે કે વ્યક્તિનું જાહેર વર્તન બીજી વ્યક્તિઓની સ્વતંત્રતાનો ભંગ કરતું હોય તો રાજ્ય વ્યક્તિના આવા વર્તનને નિયંત્રિત કરી શકે છે.

**(બ) હકારાત્મક સ્વતંત્રતા :** સ્વતંત્રતાના હકારાત્મક પાસાનો વિચાર કરતાં જણાય છે કે એક મનુષ્ય તરીકે જે કરવા જેવું છે તે કરવાની તેને મોકળાશ હોય એ જરૂરી છે. એટલે કે, વ્યક્તિ જીવનમાં વિવિધ આનંદ માણી શકે. તે પોતાનું જીવન હર્યું–ભર્યું બનાવી શકે, અને તેમ કરવાની અનુકૂળતા હોય એ જરૂરી છે. ટૂંકમાં, વ્યક્તિના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસને પોષતી સ્વતંત્રતા એ હકારાત્મક સ્વતંત્રતા છે.

### સ્વતંત્રતાના પ્રકાર

સ્વતંત્રતાના અર્થને વધુ સારી રીતે સમજવા માટે તેના પ્રકારોની સમજૂતી મેળવવી જરૂરી છે. જે નીચે પ્રમાણે છે :

**(1) કુદરતી સ્વતંત્રતા :** કુદરતી સ્વતંત્રતાનો અર્થ એ છે કે મનુષ્ય જન્મથી સ્વતંત્રતાનો હક ધરાવે છે. જહૉન લૉક અને રૂસો જેવા ચિંતકોએ તેમના સામાજિક કરારના સિદ્ધાંતમાં કુદરતી અવસ્થા સમજાવી છે. તેમના મતે આ કુદરતી અવસ્થામાં વ્યક્તિ સ્વતંત્રતાનો હક ધરાવતી હતી. આમ મનુષ્ય કુદરતી રીતે જ એટલે કે જન્મ – સમયથી જ સ્વતંત્રતાનો હક ભોગવે છે. સમાજ કે રાજ્ય વ્યક્તિના હક છીનવી શકે નહિ તે બાબતને આ ખ્યાલે દૃઢ બનાવેલ છે.

**(2) નૈતિક સ્વતંત્રતા :** મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે, તેથી તેને સ્વ–વિવેકથી વર્તવાની કેટલીક સ્વતંત્રતા હોવી જોઈએ.

તેનાથી વ્યક્તિને સારા-નરસાનો નિર્ણય કરવાનો અધિકાર મળે છે. આ બાબતનું સમર્થન નીતિશાસ્ત્રીઓ, વ્યક્તિવાદીઓ અને અરાજ્યવાદીઓ કરે છે. આ ચિંતકોનું માનવું છે કે સમાજમાં અનૈતિક વ્યવહારોને રોકવાની, તેની સામે અવાજ ઉઠાવવાની વ્યક્તિને સ્વતંત્રતા હોવી જોઈએ.

**(3) સામાજિક અને નાગરિક સ્વતંત્રતા :** સમાજના સભ્ય તરીકે વ્યક્તિને અને રાજ્યના નાગરિક તરીકે તેને કેટલીક સ્વતંત્રતા હોય છે. અભ્યાસીઓએ આ સામાજિક અને નાગરિક સ્વતંત્રતાને ચાર પેટા વિભાગોમાં વહેંચી છે :

(i) **વૈયક્તિક અને નાગરિક સ્વતંત્રતા :** જ્હૉન સ્ટુઅર્ટ મિલ જેવા ચિંતકોનું માનવું છે કે વ્યક્તિને તેના અંગત જીવનમાં સ્વતંત્રતા મળવી જોઈએ. આ સ્વતંત્રતા પ્રમાણે વ્યક્તિએ કેવી રીતે રહેવું ? શું ખાવું ? શું પીવું ? કેવો પોશાક પહેરવો ? કયો ધર્મ પાળવો ? જેવી બાબતોમાં સ્વતંત્રતા મળવી જોઈએ. સમાજે કે રાજ્યે તેમાં દખલગીરી કરવી જોઈએ નહિ.

રાજ્યના સભ્ય તરીકે અને રાજ્યના કાયદાઓના રક્ષણ નીચે વ્યક્તિને નાગરિક સ્વતંત્રતા મળે છે. નાગરિક સ્વતંત્રતા વ્યક્તિને (ક) અન્ય નાગરિકોના અયોગ્ય વર્તાવ સામે રક્ષણ આપે છે. (ખ) તે સરકારના અન્યાયી પગલાઓથી રક્ષણ આપે છે. આ સ્વતંત્રતાઓ રાજ્ય સામે અપાયેલી હોય છે. આમ છતાં રાજ્ય જાહેર હિત માટે તેના ઉપર કેટલીક મર્યાદા મૂકી શકે છે. આ મર્યાદાઓ ગેરવાજબી હોય તો નાગરિક બંધારણીય ઇલાજોના હક દ્વારા અદાલતી સમીક્ષા અને સુરક્ષા માંગી શકે છે.

(ii) **રાજકીય સ્વતંત્રતા :** વ્યક્તિ જે રાજ્યમાં રહેતી હોય તે રાજ્યનાં શાસનસંબંધી કાર્યોમાં ભાગ લેવાની તક આપે છે. આવી જાહેર ભાગીદારીથી નાગરિક જાહેર નીતિના ઘડતર માટે, પોતાના વિચારો દ્વારા તેમાં વળાંક આપવા પ્રયત્ન કરી શકે છે. રાજકીય સ્વતંત્રતા લોકશાહીને મૂર્તિમંત કરે છે. આ સ્વતંત્રતામાં મત આપવાના, ચૂંટણીઓમાં ઉમેદવારી કરવાના, પોતાની પસંદગીના પક્ષ અને ઉમેદવારનો પ્રચાર કરવાના, સરકારનું સમર્થન કે વિરોધ કરવાના હકનો સમાવેશ થાય છે.

(iii) **આર્થિક સ્વતંત્રતા :** આર્થિક સ્વતંત્રતામાં વ્યક્તિને પોતાની તથા પોતાના કુટુંબની આર્થિક જરૂરિયાતો સંતોષવાની બાબતોનો સમાવેશ થાય છે. વ્યક્તિને કામ કરવાના, વાજબી વેતન મેળવવાના, મિલકત એકઠી કરવાના, તેના નિકાલના અને પોતાના વ્યવસાયના રક્ષણ માટે સંઘ રચવાના હકનો સમાવેશ થાય છે. આ આર્થિક સ્વતંત્રતા વિના રાજકીય અને નાગરિક સ્વતંત્રતા અર્થહીન બને છે.

(iv) **રાષ્ટ્રીય સ્વતંત્રતા :** પ્રત્યેક લોકસમૂહ ધર્મ, ભાષા, ભાવાત્મક એકતા જેવા વિવિધ કારણોસર એક રાષ્ટ્ર હોવાની લાગણી ધરાવે છે અને તેના સંચાલનની સ્વતંત્રતા હોય છે. આ સાથે જે રાષ્ટ્રો પરાધીન હોય છે તેને સ્વતંત્રતા માટેની લડત ચલાવવાનો હક હોય છે. તે સ્વતંત્રતા મેળવી રાષ્ટ્ર રાજ્ય બની શકે છે. વાસ્તવમાં આપણે આગળ જોઈ તે સ્વતંત્રતાઓ સ્વતંત્ર રાષ્ટ્ર-રાજ્યમાં જ પાંગરી શકે છે.

### સ્વતંત્રતા શા માટે જરૂરી છે ?

મનુષ્ય માટે સ્વતંત્રતા શા માટે જરૂરી છે ? તે અંગે ચિંતકોએ ઊંડું ચિંતન કર્યું છે. આ ચિંતકોના મતે સ્વતંત્રતા એ પરમ મૂલ્ય છે, તે સ્વયં એક ધ્યેય છે. સ્વતંત્રતામાં જ મનુષ્યને સુખ અને સંતોષ મળે છે. તેથી જ સ્વતંત્રતા માટે અનેક રાષ્ટ્રો વિદેશી શાસકો સામે સ્વાતંત્ર્ય સંગ્રામ લડ્યાં છે.

સ્વતંત્રતામાં જ વ્યક્તિના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. સત્યની શોધ માટે, વૈજ્ઞાનિક શોધખોળો માટે અને ન્યાયી સમાજની રચના માટે સ્વતંત્રતા હોવી જરૂરી છે.

### સ્વતંત્રતાનો સામાજિક અને રાજકીય ખ્યાલ

મનુષ્ય સમૂહજીવનથી ટેવાયેલો છે. સમૂહ કે સમાજ વિનાના મનુષ્યની સ્વતંત્રતાનો કોઈ અર્થ નથી. તેથી મનુષ્યે સમાજના સભ્ય તરીકે અને બીજા પણ સ્વતંત્રતા ભોગવી શકે તે માટે વાજબી ધોરણસરની અને મર્યાદા સહિતની સ્વતંત્રતા માણવાની હોય છે.

જ્યારે આપણે સ્વતંત્રતાના રાજકીય ખ્યાલનો વિચાર કરીએ છીએ ત્યારે જણાય છે કે, રાજ્યના સભ્ય તરીકે નાગરિકને રાજ્યની સામે કેટલીક સ્વતંત્રતા છે જેનું રક્ષણ પણ રાજ્ય જ કરે છે. તેથી જ રાજ્યના કાયદાઓની મર્યાદામાં રહીને નાગરિકે સ્વતંત્રતા ભોગવવાની છે.

### સ્વતંત્રતા અને કાયદા વચ્ચેનો સંબંધ

આપણે આગળ વિચારણા કરી તે પ્રમાણે મનુષ્ય સામાજિક પ્રાણી છે. સામાજિક જીવનમાં જ વ્યક્તિના સ્વાતંત્ર્યની સાર્થકતા સમાયેલી છે. સમૂહજીવન વ્યવસ્થા માંગે છે. આ વ્યવસ્થા માટે રાજ્યસંસ્થાનો ઉદ્ભવ અને વિકાસ થયો છે. રાજ્યે શાસન માટે કાયદાનો વિકાસ કર્યો છે. રાજ્યના સભ્ય તરીકે નાગરિકે કાયદાની મર્યાદામાં સ્વતંત્રતાનો ઉપભોગ કરવાનો હોય છે. કાયદાપાલનથી વ્યક્તિ પોતે સ્વતંત્રતા ભોગવી શકે છે અને બીજાને સ્વતંત્રતા ભોગવવા દઈ શકે છે.

રાજ્યના આ કાયદાની મર્યાદા સામે વ્યક્તિવાદીઓએ અવાજ ઉઠાવ્યો કે, રાજ્યે ઓછાંમાં ઓછાં નિયંત્રણો મૂકવા જોઈએ. રાજ્ય લોકસંમતિથી કાયદાઓ ઘડે તેવું વ્યક્તિવાદીઓ જણાવે છે. આમ, વ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટે અને તેના સંવર્ધન માટે વત્તે-ઓછે અંશે કાયદો અને વ્યવસ્થા જરૂરી છે, અને તે માટે રાજ્ય જરૂરી છે.

### સમાનતા

સ્વતંત્રતાની સાથે સમાનતાનો ખ્યાલ પણ લોકશાહી માટે મહત્ત્વનો છે. વિશ્વની મહાન ક્રાંતિઓ જેવી કે, ફ્રેન્ચ ક્રાંતિ, અમેરિકન સ્વાતંત્ર્યસંગ્રામ અને રશિયાની બોલ્શેવિક ક્રાંતિમાં સ્વતંત્રતાની સાથે સમાનતા ઉપર પણ ભાર મૂકેલો. ભારતના બંધારણમાં મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાનતાના હકને મહત્ત્વનું સ્થાન અપાયેલું છે.

### સમાનતાનો અર્થ

સમાનતાનો અર્થ સ્પષ્ટ કરવા માટે જુદા જુદા અભ્યાસીઓએ પ્રયત્ન કરેલો છે. પ્રોફેસર લાસ્કીના મતે, સમાનતાનો અર્થ એ છે કે કોઈ વિશેષ હકવાળા વર્ગ ન હોય અને તમામને વિકાસની યોગ્ય તકો પ્રાપ્ત થાય. સાદા શબ્દોમાં કહીએ તો સમાનતા એક એવી સ્થિતિ છે કે જેમાં સમાજમાં રહેતી પ્રત્યેક વ્યક્તિ તેનો ઉત્તમ વિકાસ સાધી શકે એ માટે જરૂરી કેટલીક પાયાની શરતો અથવા પરિસ્થિતિઓની ખાતરી આપવામાં આવે છે.'' સમાનતાની આ વ્યાખ્યાઓ ઉપરથી નીચેના મુદ્દા સ્પષ્ટ થાય છે :

(1) તમામ મનુષ્યોમાં કેટલુંક સરખાપણું છે, જેનાથી તે અન્ય પ્રાણીઓથી જુદો પડે છે. જેમકે; મનુષ્ય વિચારશીલ પ્રાણી છે.

(2) સમાનતાનો અર્થ એ પણ છે કે સૌને પોતાના વિકાસની સમાન તક મળે.

(3) સમાન સંજોગોમાં સૌની સાથે સમાન વ્યવહાર એ નિયમ ગણાવો જોઈએ. જોકે, તેનો અર્થ યાંત્રિક સમાનતા નથી. ટ્રેનમાં કે બસમાં સ્ત્રીઓ અને અપંગો માટે બેઠકની અલગ વ્યવસ્થા એ સમાનતાનો ભંગ નથી.

### હકારાત્મક અને નકારાત્મક સમાનતા

સમાનતાની વ્યાખ્યામાંથી હકારાત્મક અને નકારાત્મક – એમ તેનાં બે પાસાં ઊપસે છે. હકારાત્મક સમાનતા એ છે કે કોઈ પણ જાતના ભેદભાવ વિના વ્યક્તિને તેના વિકાસની સમાન તકો મળી રહે. હકારાત્મક સમાનતા ન્યાયના ખ્યાલની સાથે સુસંગત છે. જેમકે, ભારતના બંધારણમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને સરકારી નોકરીઓમાં અપાયેલ અનામતની વ્યવસ્થા એ હકારાત્મક સમાનતા છે.

જ્યારે નકારાત્મક સમાનતાનો અર્થ એ છે કે કેટલાક લોકોના હાથમાં જમીન અને સંપત્તિનું કેન્દ્રીકરણ રોકવા સરકાર નિષેધાત્મક કાયદા બનાવે છે. આવી નિષેધાત્મક વ્યવસ્થા સમાનતાનો ભંગ થતો અટકાવવા માટે હોય છે.

### સમાનતાના પ્રકાર

અભ્યાસીઓએ સમાનતાના આ પ્રમાણે પ્રકાર બતાવ્યા છે :

**(1) કુદરતી સમાનતા :** કુદરતે મનુષ્યોને સમાન બનાવ્યા છે. તેથી જાતિ, રંગ, જ્ઞાતિ, લિંગ, જન્મ કે ધર્મને આધારે તેમની વચ્ચે ભેદ પાડી શકાય નહિ, એવો કુદરતી સમાનતાનો અર્થ છે. રાજકીય ચિંતક એવા હોબ્સ, લૉક અને રૂસોએ કુદરતી સમાનતાના ખ્યાલનું ભારે સમર્થન કર્યું હતું.

કુદરતી સમાનતાનો અર્થ એ નથી કે મનુષ્ય-મનુષ્ય વચ્ચે કોઈ તફાવત નથી, પરંતુ આ કુદરતી તફાવતો સામાજિક ભેદભાવનો આધાર બનવા જોઈએ નહિ. જેમકે, સ્ત્રી-પુરુષ

**(2) સામાજિક સમાનતા :** સમાજના સભ્ય તરીકે તમામ મનુષ્યોને કેટલાક પાયાના હકો સમાનપણે મળે છે. એવો સામાજિક સમાનતાનો અર્થ છે. સામાજિક સમાનતા સ્થાપવા ભારતના બંધારણે અસ્પૃશ્યતાવાળું વર્તન દાખવવું એને ગુનો ગણ્યો છે. અમેરિકામાં ગુલામીની પ્રથા કાયદેસર રીતે નાબૂદ કરી અશ્વેત લોકોને સમાનતાનો હક અપાયો છે. વિશ્વના મોટા ભાગના દેશોમાં સ્ત્રીઓને લાંબી લડતને અંતે સમાનતાનો હક મળ્યો છે. ભારતમાં રાજારામમોહન રાયથી શરૂ કરી ગાંધીજી અને ડૉ. બી. આર. આંબેડકર જેવા અનેક મહાનુભાવોએ સામાજિક સમાનતા માટે પ્રયત્નો કરેલા છે. શિક્ષણ એ સામાજિક સમાનતા માટે જાગૃતિ લાવનારું મોટું સાધન છે.

**(3) રાજકીય સમાનતા :** રાજ્યના નાગરિકોને જાહેર બાબતો કે જાહેર કાર્યોમાં તથા તેના નિર્ણય-ઘડતરમાં ભાગ લેવાની તકની સમાનતા એ રાજકીય સમાનતા છે. નાગરિકો વાણી અને લેખન-સ્વાતંત્ર્ય દ્વારા જાહેર બાબતો અંગે પોતાના વિચારો વ્યક્ત કરી શકે છે. તેઓ સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર દ્વારા મત આપવાની, ઉમેદવારી કરવાની, રાજ્યની નોકરીઓમાં સમાન લાયકાતને આધારે તકની સમાનતાનો હક ધરાવે છે. ત્યારે તે રાજકીય સમાનતાને મૂર્તિમંત કરે છે. આવી સમાનતા લોકશાહી વિશેષ આપી શકે છે. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે સ્વતંત્ર ભારતની લોકશાહી માટે કહેલું ''હવે બધા રાજા છે અને બધા પ્રજા છે.''

**(4) આર્થિક સમાનતા :** આર્થિક સમાનતાનો અર્થ એટલે પ્રત્યેક વ્યક્તિને તેની મૂળભૂત જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં સંતોષી શકે તેવી પરિસ્થિતિ કરી શકીએ. દેશના અર્થતંત્રમાં સામેલ થવાની અને તેના દ્વારા પર્યાપ્ત આર્થિક જીવનધોરણ પ્રાપ્ત કરવાનો સૌનો સરખો હક આર્થિક સમાનતાને વ્યક્ત કરે છે. આર્થિક સમાનતા સિદ્ધ કરવા, સંપત્તિનું કેન્દ્રીકરણ રોકવા રાજ્ય કાયદા ઘડે છે અને સામુદાયિક સંપત્તિનો ઉપયોગ સૌના ઉત્કર્ષ માટે થાય, તે બાબત ઉપર ભાર અપાય છે. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં જોઈએ તો, 'આર્થિક સમાનતા એટલે આવકની સમાનતા કે વર્તનની એકરૂપતા નહિ, આર્થિક સમાનતા આખરે તો અમુક હદ સુધી સમથળ કરવાની પ્રક્રિયા છે.' ભારતમાં ખેડે તેની જમીન, જમીન ટોચ મર્યાદાનો કાયદો અને શ્રમિકોને પૂરતા વેતનના કાયદા આર્થિક સમાનતા માટેના પ્રયત્નો છે.

**(5) કાનૂની સમાનતા :** કાનૂની સમાનતાની માંગ સામંતશાહી પ્રથાના અત્યાચારો સામે 18મી સદીમાં ઊઠી ને 'કાયદા સમક્ષની સમાનતા' અને 'કાયદાના સમાન રક્ષણની' વાત કરે છે. કાયદાની નજરે પૈસાદાર કે ગરીબ સૌ સમાન છે. કાયદાની સમાનતાનો અર્થ એ નથી કે બધા લોકો માટે સમાન કાયદા હોય, કાયદો બુદ્ધિયુક્તિ ભેદ પાડે છે. જેમકે રાજ્ય શ્રમિકો, ખેતમજૂરો, બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોના હિતને ધ્યાનમાં લઈને કાયદા ઘડી શકે છે.

કાયદાનું શાસન એ કાનૂની સમાનતાનો પાયો છે. કાનૂની સમાનતાને અદાલતમાંથી ન્યાય મેળવવાની સમાન તક સાથે અને અદાલતની તટસ્થતા સાથે પણ સંબંધ છે.

**(6) રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની સમાનતા :** આંતરરાષ્ટ્રીય કાયદાની નજરે વિશ્વનાં તમામ રાજ્યો સમાન છે. વ્યવહારમાં અમેરિકા વિશ્વની વિરાટ સત્તા છે. પરંતુ સંયુક્ત રાષ્ટ્રો (United Nations - U.N.- યુ.એન.)ના સભ્યપદ માટે સાર્વભૌમત્વની સમાનતાનો સ્વીકાર થયો છે. યુ.એન.ની મહાસભામાં પ્રત્યેક સભ્યરાષ્ટ્ર સમાન પ્રતિનિધિત્વ ધરાવે છે. પ્રત્યેક સભ્યરાજ્ય તેમાં એક જ મત આપી શકે છે.

**સમાનતા અને સ્વતંત્રતા વચ્ચેનો સંબંધ :**

સ્વતંત્રતા અને સમાનતાના સંબંધ અંગે અભ્યાસીઓમાં એક મત નથી. કેટલાક માને છે કે સ્વતંત્રતા અને સમાનતા એકબીજાના વિરોધી ખ્યાલ છે. જ્યારે બીજા કેટલાક માને છે કે સ્વતંત્રતા અને સમાનતા એકબીજાના પૂરક ખ્યાલો છે.

જે અભ્યાસીઓ સ્વતંત્રતા અને સમાનતાને પરસ્પર વિરોધી માને છે તેમના મતે સમાનતા માટે કેટલાંક નિયંત્રણો મૂકવા જરૂરી છે અને નિયંત્રણો સ્વતંત્રતાના ખ્યાલની વિરુદ્ધ છે. તેમના મતે મિલકતનો હક એ કુદરતી છે. તેના ઉપર નિયંત્રણો મૂકી શકાય નહિ. સમાનતા લાવવા રાજ્યની સત્તામાં વધારો કરવો પડે જે સ્વતંત્રતાની વિરોધી છે.

કેટલાક અભ્યાસીઓનું માનવું છે કે, સ્વતંત્રતા અને સમાનતા પરસ્પર વિરોધી નથી. તેમના મતે સમાનતા વિના વિશેષાધિકારો ઊભા થાય છે જે સ્વતંત્રતાના વિરોધી છે. તેઓ એમ પણ કહે છે કે આર્થિક જરૂરિયાતોના અભાવમાં રાજકીય સ્વતંત્રતાનો કોઈ અર્થ નથી.

આમ, સ્વતંત્રતા અને સમાનતા પરસ્પર પૂરક છે. વ્યક્તિત્વના વિકાસ માટે બંને જરૂરી છે. આમ છતાં સ્વતંત્રતાના ભોગે સમાનતા લાવવાનો પ્રયત્ન વ્યર્થ જાય છે. તે બાબત પૂર્વ સામ્યવાદી દેશોના અનુભવે પુરવાર કરી છે.

**સામાજિક ન્યાય**

ન્યાયની ભાવના માનવસમાજમાં પ્રાચીન સમયથી જોવા મળે છે. તેથી જ ન્યાય અંગેનું ચિંતન પણ વિશ્વના મોટા ભાગના દેશોમાં પ્રાચીન સમયથી થયેલું જણાય છે. સ્વતંત્ર ભારતના બંધારણના આમુખમાં 'સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય' નો આગ્રહ રખાયો છે. મૂળભૂત હકોમાં સમાનતાના હકને મહત્ત્વનું સ્થાન અપાયું છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ સામાજિક ન્યાયની સ્થાપના થાય તે માટેનો આગ્રહ છે. આ સંદર્ભમાં ન્યાયતંત્રે કેટલાક ચુકાદાઓ પણ આપ્યા છે.

ઉપરાંત ન્યાયના સિદ્ધાંતના આધુનિક ચિંતક જ્હૉન રૉલ્સ જેમણે રાજ્યના કાયદાથી સમાજના વંચિત વિભાગોની વધુ તરફેણને ન્યાય કહ્યો છે. એવી હકારાત્મક સમાનતા માટેની વિશેષ સંભાળની નીતિનો ભારતે સ્વીકાર કર્યો છે. સમાજના પાછળ રહી ગયેલા સમૂહો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે સ્થાનિક સરકારો, ધારાસભા અને સંસદમાં અનામત બેઠકો રખાઈ છે. છ થી ચૌદ વર્ષનાં બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ હવે મૂળભૂત હક તરીકે સ્વીકારાયો છે. સ્ત્રીઓને માત્ર સુરક્ષા જ નહિ તેને આત્મનિર્ભર બનાવવા પગલાં લેવાઈ રહ્યાં છે. 73માં અને 74માં બંધારણીય સુધારાઓ અનુક્રમે પંચાયતીરાજ અને શહેરી સ્થાનિક સરકારોમાં સ્ત્રીઓને 33 ટકા અનામત બેઠકો આપી છે. ગુજરાતમાં વર્ષ 2015થી આ સ્ત્રી અનામત બેઠકો 33 ટકાથી વધારી 50 ટકા કરાઈ છે.

સાચર સમિતિના અહેવાલમાં મુસ્લિમ અને ખ્રિસ્તી લઘુમતી લોકોમાં પણ પાછળ રહી ગયેલા લોકોના કલ્યાણ માટે વિશેષ કાળજી માટે ભલામણ થઈ છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં પંચાયતીરાજની 'સામાજિક ન્યાય સમિતિ' દલિતોને સામાજિક ન્યાય અપાવવા સક્રિય છે. દિલીપસિંહ ભૂરિયા સમિતિની ભલામણોના અમલ સાથે આદિવાસી સમૂહોના હિતોની સુરક્ષા માટે પંચાયતીરાજમાં સુધારા કરાયા છે.

આમ, ભારતમાં સામાજિક ન્યાય સમાજના જરૂરિયાતવાળા પ્રત્યેક લોકો સુધી પહોંચે તે માટે કાળજી લેવાઈ રહી છે. આમ છતાં આ ક્ષેત્રે હજુ ઘણું કરવાનું બાકી છે.

# હક અને નાગરિકતા

આધુનિક સમયમાં લોકશાહી રાજ્યમાં રાજ્યના સભ્યને નાગરિક કહેવામાં આવે છે. રાજ્ય અને નાગરિકને અરસપરસ જોડતી જો કોઈ કડી હોય તો તે છે હકો અને ફરજો.

મનુષ્ય સંસ્કૃતિના લાંબા ઇતિહાસમાં માનવહકોનો સ્વીકાર એક વિરાટ કદમ છે. એક મનુષ્ય તરીકે પોતાનો સ્વીકાર થાય અને એક મનુષ્ય તરીકે ગૌરવપૂર્વક જીવન જીવી શકે, એ માટે માનવજાતે અનેક બલિદાનો આપ્યાં છે. સંયુક્ત રાષ્ટ્રોએ પણ માનવહકોની વૈશ્વિક ઉદ્‌ઘોષણા કરી છે.

**હકનો અર્થ અને ખ્યાલ :** જન્મતાની સાથે જ વ્યક્તિને કોઈ પણ જાતના ભેદભાવ વિના કેટલાક હકો પ્રાપ્ત થાય છે. તે હકોને માનવહકો તરીકે ઓળખવામાં આવે છે.

સારું જીવન જીવવા માટે જે સામાજિક-રાજકીય પરિસ્થિતિઓ જરૂરી છે તેમને સામાન્ય રીતે હકો તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં વ્યક્તિમાત્રને પોતાના વ્યક્તિત્વના વિકાસ અને તેની અભિવ્યક્તિ માટે જે જરૂરી સંજોગો અને પરિસ્થિતિઓ હોવી જોઈએ તેને આપણે હકો કહીએ છીએ. આમ, હકો વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. એટલું જ નહિ, વ્યક્તિઓના બનેલા સમાજના વિકાસ માટે પણ હકો જરૂરી છે.

પ્રોફેસર હેરોલ્ડ લાસ્કીના મત મુજબ, મનુષ્યમાં જે કાંઈ શ્રેષ્ઠ છે તેનો વિકાસ કરી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ એટલે હકો.

બધા સમાજોએ અને સભ્યતાઓએ વધતા-ઓછા પ્રમાણમાં આ હકોનો ખ્યાલ તેમજ તે માટેના સિદ્ધાંતો વિકસાવ્યા છે. પણ આમાંના કેટલાક હકો સાર્વત્રિક અને સર્વ સમાવેશી છે એ ખ્યાલ પણ માનવહકોના પાયામાં રહેલો છે.

સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાએ 10 ડિસેમ્બર, 1948ના દિવસે માનવહકોની વૈશ્વિક ઘોષણાને સર્વાનુમતિથી બહાલી આપી. તેથી આ દિવસને દુનિયાભરમાં 'માનવહક દિન' તરીકે ઉજવવામાં આવે છે.

હકો એ એવી માંગણીઓ છે, જેને સમાજ અને રાજ્ય માન્ય રાખે છે તથા રાજ્ય તેનું રક્ષણ કરે છે. વ્યક્તિની કોઈ એવી માંગણી હોય જેનો સમાજ સ્વીકાર કરતો ન હોય અને રાજ્ય તેના રક્ષણની ખાતરી આપતું ન હોય તો તેને રાજ્યશાસ્ત્રની પરિભાષામાં હક કહી શકાય નહિ.

**હકોનું મહત્ત્વ :** સંયુક્ત રાષ્ટ્રોએ કરેલી માનવહકોની ઘોષણા વિશ્વના કરોડો લોકોને પોતાના હકો માટે પ્રેરણા આપે છે. જોકે આ વૈશ્વિક ઘોષણા કાનૂની રીતે બંધનકારી દસ્તાવેજ નથી. આ માનવહકોને કંઈક અંશે કાનૂની પીઠબળ પૂરું પાડવા માટે 16 ડિસેમ્બર, 1966ના રોજ સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાએ આ હકોને આવરી લેતી બે આંતરરાષ્ટ્રીય સમજૂતીઓનો સ્વીકાર કર્યો, જે સભ્યરાષ્ટ્રોએ આ સમજૂતીઓ ઉપર સહી કરી તે સભ્યરાષ્ટ્રો માટે આ સમજૂતીઓ નૈતિક રીતે બંધનકારી બને છે. આ સમજૂતીઓમાં કેટલાક મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેવાં કે : વિસ્થાપિત લોકોના દરજ્જા વિશેનો, ગુલામીપ્રથા વિશેનો, સ્ત્રીઓ પ્રત્યે આચરવામાં આવતા વિવિધ ભેદભાવોની નાબૂદી વિશેનો તેમજ બાળકોના હકોના રક્ષણસંબંધી બાબતો વગેરે.

સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્ર (ચાર્ટર) અને માનવહકોની વૈશ્વિક ઘોષણા પર ભારતે શરૂઆતથી જ હસ્તાક્ષર કર્યા છે. એટલું જ નહિ ભારતના બંધારણના ઘડવૈયાઓએ માનવહકોને મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં ગૌરવભર્યું સ્થાન આપ્યું છે. તેમજ મૂળભૂત હકોમાં સમાવિષ્ટ માનવહકોને અદાલત દ્વારા અમલમાં મૂકી શકાય એવા હકો જાહેર કર્યા છે. આપણે ત્યાં રાષ્ટ્રીયકક્ષાએ માનવહક પંચની સ્થાપના પણ કરવામાં આવી છે. કેટલાંક રાજ્યોમાં પણ રાજ્યકક્ષાના માનવહક પંચોની સ્થાપના કરવામાં આવી છે. ભારતમાં આ ક્ષેત્રે સ્વૈચ્છિક સંસ્થાઓ પણ કામ કરે છે.

**સામૂહિક હકો**

સામાન્ય રીતે વ્યક્તિને હકો આપવામાં આવ્યા હોય છે. આ ઉપરાંત વ્યક્તિઓના કેટલાક સમૂહોને પણ હકો આપવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)એ ઠરાવ કરીને આવા હકો આપ્યા છે. ભારતમાં બંધારણ દ્વારા, કાયદા દ્વારા તથા અદાલતોએ આપેલા ચુકાદાઓ દ્વારા સ્ત્રીઓ, બાળકો, કેદીઓ અને શરણાર્થીઓ જેવા સમૂહોને હકો અપાયા છે, જેને સામૂહિક હકો કહેવાય છે. જે ટૂંકમાં નીચે પ્રમાણે છે :

- સગર્ભા સ્ત્રીને ફાંસીની સજા આપી શકાય નહિ, પરંતુ આ ફાંસીની સજાને આજીવન કેદમાં તબદીલ કરવામાં આવે છે.
- બાળકોને મજૂરીએ રાખી શકાય નહિ.
- છથી ચૌદ વર્ષ સુધીનાં બાળકોને મફત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો હક છે.
- ધાર્મિક, ભાષાકીય કે જાતીય લઘુમતીઓને પોતાની રીતે પોતાનું સાંસ્કૃતિક જીવન જીવવાનો હક છે.
- આરોપી જે ભાષા જાણતો હોય તે ભાષામાં તેને તેની ધરપકડનાં કારણો જાણવાનો હક છે.
- કેદીઓને પોતાના સ્વજનોને મળવાનો, લેખનકાર્ય કરવાનો તથા છાપા વાંચવાનો હક છે.
- સંયુક્ત રાષ્ટ્રોએ શરણાર્થીઓના પુનઃસ્થાપન માટે તથા તેમના હકોની રક્ષા માટે 'યુનાઇટેડ નેશન્સ હાઇ કમિશનર ફૉર રેફ્યુજી' નામની સંસ્થા બનાવી છે.

**નાગરિકનો અર્થ અને ખ્યાલ :** આધુનિક સમયમાં નાગરિકના ખ્યાલ તથા તેની ભૂમિકામાં સારા પ્રમાણમાં પરિવર્તન આવ્યું છે. આજે લોકશાહી રાજ્યનો દરેક સભ્ય નાગરિક ગણાય છે. આ સાથે નાગરિકની બાબતમાં નીચે દર્શાવેલ સમજ ઊભી થઈ છે :

(1) નાગરિક રાજ્યના શાસનતંત્રમાં ભાગ લેતો હોય છે.

(2) તે રાજ્યના કાયદાઓનું પાલન કરતો હોય છે.

(3) તે રાજકીય આજ્ઞાધીનતા ધરાવતો હોય છે.

(4) તેને કેટલાક હકો હોય છે અને તે કેટલીક ફરજોનું પાલન કરતો હોય છે.

લોકશાહી રાજ્યની સફળતા તથા નિષ્ફળતાનો આધાર તેના નાગરિકો ઉપર જ રહેલો હોય છે.

**નાગરિકની વ્યાખ્યા :** નાગરિકો એ રાજકીય સમુદાયના સભ્યો હોય છે. તેઓ થકી રાજ્યની રચના થાય છે અને પોતાના વ્યક્તિગત અને સામૂહિક હકોના રક્ષણ માટે સરકાર પર આધાર રાખે છે તેમજ પોતાની ફરજ બજાવે છે.

આધુનિક સમયમાં સારો નાગરિક તેને ગણવામાં આવે છે, જે સ્વતંત્રતા ભોગવતો હોય અને પોતે અથવા તો પોતાના પ્રતિનિધિઓ દ્વારા કાયદાઓનું ઘડતર કરવામાં મદદરૂપ બનતો હોય તેમજ આ રીતે ઘડાયેલા કાયદાઓનું પાલન કરતો હોય. આજ્ઞાધીનતાને તે પોતાની ફરજ ગણતો હોવા છતાં પણ તે આજ્ઞાધીનતા સાથે સંકળાયેલાં ભયસ્થાનોને જાણતો હોવાથી ન પાળવા જેવી આજ્ઞાઓ સામે તે લોકશાહી ઢબે વિરોધ કરવાના પોતાના અધિકારનો ઉપયોગ પણ કરતો હોય.

**નાગરિકતા :** નાગરિકતાના સંબંધે કાયદાની દૃષ્ટિએ પણ વિચાર કરવો જરૂરી બને છે.

નાગરિકતા એ જે-તે દેશના બંધારણમાં ઉલ્લેખિત અથવા પરંપરાથી સ્વીકૃત અધિકારો અને ફરજો ધરાવતી વ્યક્તિને અપાતો કાયદાકીય દરજ્જો છે. સામાન્ય રીતે જે દેશમાં વ્યક્તિ જન્મે છે તે દેશનો આપોઆપ નાગરિક બને છે.

દરેક નાગરિક દેશને વફાદાર રહેવા અને તેના કાયદાઓનું પાલન કરવા બંધાયેલ હોય છે. તેની સામે રાજ્ય તેના રક્ષણ, સુખાકારી, પરદેશમાંનું તેનું હિત વગેરે જોવા બંધાયેલ છે. પોતાનો નાગરિક અન્ય દેશમાંથી પાછો ફરે ત્યારે તેને સ્વીકારવા દરેક રાજ્ય બંધાયેલું છે. સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ બે દેશનું નાગરિકત્વ ધરાવી શકે નહિ, પરંતુ અપવાદરૂપ

કિસ્સાઓમાં કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓને અન્ય દેશનું માનાર્હ નાગરિકત્વ આપવામાં આવતું હોય છે. હકીકતમાં આ પ્રકારનું નાગરિકત્વ રાજકીય ઔપચારિકતા માટે જ હોય છે, જે બંને દેશોને સ્વીકાર્ય હોય છે. એથી ઊલટું, યુદ્ધ કે આંતરવિગ્રહમાં કેટલાક લોકો વિસ્થાપિત થઈને અન્ય દેશોમાં કે દુશ્મને કબજે કરેલા પ્રદેશમાં રહી જતાં હોય ત્યારે તે લોકો નાગરિકત્વ વગરના બની જાય છે.

ભારતીય બંધારણમાં ભારતીય નાગરિક કોને કહેવાય તેની જોગવાઈઓ છે.

**નાગરિકતા કેવી રીતે પ્રાપ્ત થાય ?**

નીચે દર્શાવ્યા પ્રમાણે વિવિધ રીતે નાગરિકતા પ્રાપ્ત કરી શકાય છે :

(1) આપણો જે દેશમાં જન્મ થાય, તે દેશના આપણે નાગરિક ગણાઈએ છીએ.

(2) અન્ય દેશની નાગરિકતા મેળવવાના હેતુથી તે દેશમાં કેટલોક સમય વસવાટ કર્યા પછી તે રાજ્યને અરજી કરવી પડે છે. જો રાજ્યને સંતોષ થાય તો રાજ્ય તે વ્યક્તિને દેશનો નાગરિક બનવાની મંજૂરી આપે છે.

(3) એક દેશનો નાગરિક બીજા દેશના નાગરિક સાથે લગ્ન કરે તો તે બીજા દેશનો નાગરિક બની શકે છે. કેટલાક દેશોમાં આવી જોગવાઈ હોય છે.

(4) અન્ય દેશની સરકારને નાગરિકતા માટે અરજી કરવામાં આવે અને જો તે મંજૂર કરવામાં આવે તો વ્યક્તિ તે દેશનો નાગરિક બને છે.

**નાગરિક નીચેનાં કારણોસર નાગરિકતા ગુમાવે છે :**

(1) દેશદ્રોહના ગુના માટે જો તેને સજા થાય તો તે નાગરિક તરીકેના હકો ગુમાવે છે.

(2) પોતાના દેશના નાગરિકત્વનો ત્યાગ કરીને અન્ય દેશનું નાગરિકત્વ સ્વીકારે તો તે નાગરિક પોતાના દેશનું નાગરિકત્વ ગુમાવે છે.

(3) અન્ય દેશની વ્યક્તિ સાથે લગ્નસંબંધથી જોડાય તોપણ પોતાના દેશનું નાગરિકત્વ તે વ્યક્તિ ગુમાવે છે.

આમ છતાં જુદા-જુદા દેશોમાં આ અંગેના કાયદા જુદા જુદા છે.

**બેવડી નાગરિકતા :** કેટલાક સમવાયતંત્રી દેશોના બંધારણમાં નાગરિકોને તેમનાં ઘટક રાજ્યોનું તેમજ સમવાયતંત્રનું નાગરિકત્વ આપવામાં આવે છે. આમ, બે કક્ષાએ નાગરિકત્વ આપવામાં આવતું હોવાથી તેને બેવડી નાગરિકતા કહે છે. જેમ કે અમેરિકા. અમેરિકાના નાગરિકને બેવડી નાગરિકતા મળે છે. ભારતમાં એક જ નાગરિકતાની જોગવાઈ છે. સિવાય કે જમ્મુ-કશ્મીર રાજ્ય. ભારત સરકારે ઑગસ્ટ, 2005માં નાગરિકતા ધારા 1955 માં સુધારો કરી 'ઓવરસિઝ સિટિઝનશિપ ઑફ ઇન્ડિયા' (OCI) નામનો કાયદો બનાવ્યો છે. જેનો અમલ 9 જાન્યુઆરી, 2006 થી થયો. 9 જાન્યુઆરીને પ્રવાસી ભારતીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ કાયદા હેઠળ અન્ય દેશની નાગરિકતા ધરાવતો ભારતીય ભારતમાં પણ કેટલાક અધિકારો ભોગવી શકશે. આ કાયદા હેઠળ અન્ય દેશનું નાગરિકત્વ ધરાવતા ભારતીયો ભારતમાં ડૉક્ટર, ડેન્ટિસ્ટ, નર્સ, ફાર્માસિસ્ટ, વકીલ, આર્કિટેક્ટ જેવા વ્યવસાયો કરી શકશે.

આ કાયદા હેઠળ તેમને રાજકીય અધિકારો મળશે નહિ. એટલું જ નહિ, ભારતના બંધારણે કલમ-16માં આપેલો તકની સમાનતાનો અધિકાર પણ મળશે નહિ. તેઓ ભારતમાં ખેતીના હેતુથી જમીન ખરીદી શકશે નહિ.

આ કાયદો પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશોનું નાગરિકત્વ ધરાવતા લોકોને લાગુ પડશે નહિ.

# ભારતીય બંધારણ : ઘડતર અને લક્ષણો

બંધારણ એટલે મૂળભૂત સિદ્ધાંતો જેનાથી રાજ્યનું સ્વરૂપ નક્કી થાય છે. આ સિદ્ધાંતો રાજ્યનાં વ્યવસ્થા તંત્રો, સરકારનાં ત્રણેય અંગો ધારાસભા, કારોબારી, ન્યાયતંત્રની રચના; તેમની વચ્ચેના પરસ્પર સંબંધો તેમજ કાર્યો અને સત્તાનો ઉપયોગ કઈ રીતે કરવાનો છે, તે નિયમોના સમૂહને બંધારણ કહેવામાં આવે છે.

ટૂંકમાં, બંધારણ એટલે રાજ્યનો મૂળભૂત કાયદો.

26મી જાન્યુઆરી 1950ના દિવસે ભારતીય બંધારણનો આરંભ થયો. 26મી નવેમ્બર, 1949નો દિવસ ભારતના બંધારણનો જન્મદિન ગણાય છે પરંતુ, તેનાં બીજ તો બ્રિટિશકાળથી જ રોપાઈ ચૂક્યાં હતાં. અહીં આપણે ભારતના બંધારણની વિકાસગાથાની ચર્ચા કરીશું, કેમ કે તેના પરિચય વિના ભારતના બંધારણનો અભ્યાસ અપૂર્ણ છે.

1928માં મોતીલાલ નહેરુ કમિટિએ ભાવિ ભારતની બ્લ્યૂ પ્રિન્ટ સમાન બંધારણ–ઘડતરનો અહેવાલ આપીને ભાવિ અપેક્ષાઓ અને ક્ષમતાને વાચા આપી. 1929 લાહોર બેઠકમાં 'પૂર્ણ સ્વરાજ', 1930 દાંડીકૂચ સત્યાગ્રહના સંદર્ભમાં 1930થી 1932 દરમિયાન હિંદના ભાવિ બંધારણીય સુધારા માટે ગોળમેજી પરિષદો યોજાઈ અને તેમાં કોમી ચુકાદા દ્વારા ભારતીય લોકોની એકતાને ખંડિત કરવાના પ્રયાસો પણ થયા.

**ઈ.સ. 1935 થી 1940 નો સમયગાળો :** ગર્વમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ, 1935 નીચે મુજબની જોગવાઈઓ પ્રાપ્ત થઈ :

(1) સમવાયતંત્રને લગતી જોગવાઈ મુખ્ય હતી, જેમાં બ્રિટિશ પ્રાંતો અને દેશી રાજ્યો એમ બે પ્રકાર હતા.

(2) મધ્યસ્થ કારોબારીમાં ગર્વનર જનરલ, સલાહ સમિતિ અને પ્રધાનમંડળ મળીને મધ્યસ્થ કારોબારી બની. તેને ધારાકીય સત્તાઓ વિશાળ પ્રમાણમાં મળી હતી. મધ્યસ્થ પ્રધાનમંડળની પણ જોગવાઈ થઈ હતી. ગવર્નર જનરલને બંધારણીય વડાનો દરજ્જો અપાયો હતો.

(3) મધ્યસ્થ ધારાસભા દ્વિગૃહી હતી જેમાં (અ) નીચલું ગૃહ કે સમવાયી સભા (બ) ઉપલું ગૃહ, રાજ્યસભા હતી. બંનેને સમાન સત્તાઓ હતી.

(4) પ્રાંતોને લગતી જોગવાઈઓ મુજબ પ્રાંતીય સ્વાયત્તતાનો આંશિક સ્વીકાર થયો.

(5) મધ્યસ્થ ન્યાયાલયની જોગવાઈમાં એક મુખ્ય અને અન્ય છ ન્યાયાધીશોનો સમાવેશ થયો.

(6) આ ઉપરાંત રેલવે બોર્ડ, એટર્ની જનરલ, નાણાકીય સલાહકારની વ્યવસ્થા હતી.

ઈ.સ. 1939માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. ચૂંટાયેલા પ્રતિનિધિઓને પૂછ્યા વિના ભારતને યુદ્ધમાં સામેલ કર્યું. પ્રાંતોના કૉંગ્રેસી પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં. ભારતનું મન જીતવા ઑગસ્ટ ઑફર આપી, પ્રથમવાર બંધારણ ઘડવાની વાત ઉચ્ચારાઈ.

### ઈ.સ. 1942 થી 1950 સુધીનો સમયગાળો

**ક્રિપ્સ દરખાસ્તો (1942) :** બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટનની પીછેહઠ થઈ રહી હતી ત્યારે વડાપ્રધાન ચર્ચીલે 11 માર્ચ, 1942માં ક્રિપ્સ દરખાસ્તો જાહેર કરી. તેમાં બંધારણ ઘડવા બંધારણસભા રચવાની બાબત, સંઘ અને પ્રાંતોને નવું બંધારણ ઘડવાની છૂટ, અલગ સંઘ રચવાની છૂટ, પ્રધાનમંડળના સભ્યોને સંરક્ષણ સિવાય અન્ય વિષયો બાબત સત્તા આપવાની બાબત મુખ્ય હતી. જોકે, કૉંગ્રેસ અને મુસ્લિમલીગે પણ આનો અસ્વીકાર કર્યો. 1942માં 'હિંદ છોડો'ની લડતમાં લોકોનો તીવ્ર પ્રત્યાઘાત દેખાયો.

**કૅબિનેટ મિશન (1946) :** ઈ.સ. 1945માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું. બ્રિટન વિજયી બન્યું. ચૂંટણીઓ યોજાઈ. ચર્ચીલની હાર થઈ અને મજૂરપક્ષના એટલી વડાપ્રધાન બન્યા. તેઓ ભારતને સ્વતંત્રતા આપવાનો અભિગમ ધરાવતા હતા. તેમણે રજૂ કરેલી યોજના કૅબિનેટ મિશન સ્વરૂપે જાણીતી બની. જેમાં બે મુખ્ય વિભાગ હતા : ભાવિ બંધારણીય સ્વરૂપ અને વચગાળાની યોજના.

(1) બ્રિટિશ હિંદ તેમજ દેશી રાજ્યોનો સંઘ બનાવવો અને તેમને મહત્ત્વનાં ખાતાં સોંપવાં. (2) પ્રાંતોમાં ત્રણ જૂથો રચવાં, (3) ચૂંટાયેલ પ્રાંતિક ધારાસભાઓ દ્વારા બંધારણસભાના સભ્યોની ચૂંટણી કરવી જે બંધારણીયસભા તરીકે ઓળખાય. (4) વચગાળાની સરકાર રચવી. આઝાદી આવે તે પહેલાં વચગાળાની વ્યવસ્થા તરીકે, 2 સપ્ટેમ્બર, 1946ના રોજ નેહરૂના નેતૃત્વ હેઠળ પ્રધાનમંડળ રચવામાં આવ્યું.

**બંધારણસભાની રચના**

**બંધારણ-ઘડતરની પ્રક્રિયા :** કેબિનેટ મિશન યોજના અંતર્ગત બંધારણસભાની રચના હાથ ધરાઈ. તેના માટે પુખ્તવય મતાધિકારના ધોરણે ચૂંટણી કરીને સમય પસાર કરવો તે પાલવે તેમ ન હતું. આથી નક્કી કરવામાં આવ્યું કે 1946ના જુલાઈમાં પ્રાંતોની ધારાસભાઓની જે ચૂંટણી થઈ છે તેમાં ચૂંટાયેલા ધારાસભ્યો બંધારણસભાના સભ્યોને ચૂંટી કાઢે. આ રીતે સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડનાર બંધારણસભા પરોક્ષ પદ્ધતિથી રચવામાં આવી. બંધારણસભામાં કુલ 389 સભ્યો હતા, જેમાં બ્રિટિશ પ્રાંતોના 292, બ્રિટિશ હાઇકમિશન પ્રાંતોના 4 અને દેશી રાજ્યોના 13 પ્રતિનિધિ સહિત અન્ય સભ્યો હતા.

**બંધારણસભાની કામગીરી :** બંધારણસભાની બંધારણ-ઘડતરની પ્રક્રિયાનો પ્રારંભ 9મી ડિસેમ્બર, 1946થી થયો. જેમાં કુલ 207 સભ્યોએ હાજરી આપી હતી. મુસ્લિમલીગે તેનો બહિષ્કાર કર્યો. વરિષ્ઠ સભ્ય ડૉ. રાજેન્દ્રપ્રસાદની બંધારણસભાના અધ્યક્ષ તરીકે ચૂંટણી દ્વારા પસંદગી કરવામાં આવી. 13 ડિસેમ્બરે પંડિત જવાહરલાલ નેહરુએ બંધારણના ઉચ્ચ આદર્શો તેમજ પ્રજાની આકાંક્ષાને રજૂ કરતો ઠરાવ મૂક્યો. જેને ક. મા. મુનશી 'પ્રજાતંત્રની ગુરુચાવી' કહે છે. આ સિદ્ધાંતોને અનુરૂપ જ આપણા બંધારણનું ઘડતર થયું છે.

29 ઑગસ્ટ, 1947ના રોજ ડૉ. આંબેડકરના અધ્યક્ષપદે 7 સભ્યોની બનેલી એક મુસદ્દા સમિતિની રચના કરાઈ. આ સમિતિએ દુનિયાનાં બંધારણોનો અભ્યાસ કરીને સારાં તત્ત્વો, મુદ્દાઓ સ્વીકારીને ભારતની સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય પરિસ્થિતિને અનુરૂપ એક મુસદ્દો તૈયાર કર્યો.

**વિવિધ સમિતિઓ :** ઉપરોક્ત મુસદ્દા-સમિતિ ઉપરાંત બંધારણ-ઘડતર માટે વિવિધ સમિતિઓ પણ રચાઈ હતી. તે સમિતિઓને માર્ગદર્શન આપવા અગ્રણી મહાનુભાવોની અધ્યક્ષપદે વરણી કરાઈ હતી.

(1) વિશેષ સમિતિ (2) પ્રક્રિયા સમિતિ (3) સંચાલન સમિતિ (4) પરામર્શન-સલાહકાર સમિતિ (5) કેન્દ્રની સત્તાઓ અંગેની સમિતિ (6) સંઘ સંવિધાન સમિતિ (7) મૂળભૂત અધિકારોની સમિતિ (8) લઘુમતી અધિકારો અંગેની સમિતિ (9) સર્વોચ્ચ અદાલત અંગેની સમિતિ તથા (10) કેન્દ્ર-રાજ્ય વચ્ચેના નાણાકીય સંબંધો અંગેની સમિતિ વગેરેનો સમાવેશ થતો હતો.

આમાંની મોટા ભાગની સમિતિઓના અધ્યક્ષ અને સભ્યો તરીકે પંડિત જવાહરલાલ નહેરુ, વલ્લભભાઈ પટેલ, ડૉ.રાજેન્દ્રપ્રસાદની અસર પ્રભાવક રહી.

બંધારણ-ઘડતરની પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારાઓમાં ડૉ. આંબેડકર, શ્રીકૃષ્ણસ્વામી ઐયર, એન. ગોપાલસ્વામી આયંગર, શ્રી ક. મા. મુનશી, શ્રી ટી. ટી. કૃષ્ણામાચારી, સર બી. એન. રાવ, શ્રી કે. ટી. શાહ, શ્રી મહાવીર ત્યાગી, શ્રી એચ. એન. કુંઝરું, શ્રી જયપાલસિંહ તેમજ મહિલા સભ્યોમાં શ્રીમતી દુર્ગાબાઈનું વિશિષ્ટ પ્રદાન રહ્યું.

બંધારણસભાએ કુલ 12 અધિવેશન બેઠકો દ્વારા 165 દિવસની કામગીરી કરી, જેમાં બંધારણનો મુસદ્દો ઘડતાં કુલ 114 દિવસ વ્યતિત થયા હતા.

બંધારણસભાની કાર્યવાહી પૂર્ણપણે લોકશાહી વાતાવરણમાં થતી અને લાંબી ચર્ચા-વિચારણા તેમજ ટીકાટિપ્પણ અંગે કોઈ પ્રતિબંધ ન હતો. ચોસઠ લાખ રૂપિયાનો કુલ ખર્ચ થયો. સમગ્ર પ્રક્રિયા પાછળ 2 વર્ષ, 11 માસ અને 18 દિવસનો સમય ગયો.

બંધારણ 26 નવેમ્બર, 1949માં તૈયાર કરીને બંધારણસભાએ ત્રણ વાચનમાંથી પસાર કરીને સ્વીકારી લીધું. 24 જાન્યુઆરી, 1950ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદની કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે પસંદગી થઈ અને તેમણે તે ખરડા ઉપર સહી કરી. આમ કુલ 395 કલમો અને 8 પરિશિષ્ટોવાળું દુનિયાનું સૌથી વિસ્તૃત અને લાંબું બંધારણ અસ્તિત્ત્વમાં આવ્યું. 26 જાન્યુઆરી, 1950થી બંધારણના અમલનો પ્રારંભ થયો. આ દિવસ સમગ્ર ભારતમાં 'ગણતંત્ર' કે 'પ્રજાસત્તાક દિન' તરીકે

ઊજવાય છે. આ સંદર્ભમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદે કહેલા શબ્દો સૂચક છે કે, 'હવે ભારતમાં કોઈ રાજા નથી અને કોઈ પ્રજા નથી, બધા રાજા છે અને બધા પ્રજા છે.'

**ભારતીય બંધારણનાં વિશિષ્ટ લક્ષણો**

**(1) લિખિત કે દસ્તાવેજી બંધારણ :** બ્રિટન અને અમુક અંશે ઇઝરાયલના અપવાદ સિવાય દુનિયાના બધા જ લોકશાહી દેશોનાં બંધારણો લિખિત છે. ભારતે પણ લોકશાહી શાસનવ્યવસ્થા અપનાવી હોઈ આપણી બંધારણસભાએ કાળજીપૂર્વક તેને ઘડ્યું છે. બંધારણસભાના સભ્યો ઉપર પશ્ચિમી ઉદારમતવાદની અસર હતી. બ્રિટિશ સંપર્ક અને અસર હોવા છતાં તેઓએ આપણા દેશની અને આપણા સમાજની પરિસ્થિતિ, પૂર્વ ઇતિહાસ, દેશની બહુવિધતા વગેરેને ધ્યાનમાં લઈને બંધારણ લિખિત સ્વરૂપે રાખવાનું યોગ્ય માન્યું હતું.

**(2) અતિવિસ્તૃત બંધારણ :** આપણા બંધારણનું બીજું મહત્ત્વનું ધ્યાન ખેંચે તેવું લક્ષણ તેની વિસ્તૃતતા છે. ભારતનું બંધારણ દુનિયાનાં લિખિત બંધારણોમાં સૌથી લાંબું અને સૌથી વિગતવાર છે. ભારતનું મૂળ બંધારણ 22 ભાગોમાં વહેંચાયેલું, 395 કલમો અને 8 પરિશિષ્ટો ધરાવતું હતું. જે બાબતોને બંધારણમાં સમાવી શકાઈ નહિ તેવી કેટલીક બાબતોને પરિશિષ્ટ રૂપે મૂકવામાં આવી છે. હાલમાં 12 પરિશિષ્ટો છે. છેલ્લાં 65 વર્ષમાં બંધારણમાં કેટલીક નવી કલમો ઉમેરવામાં આવી છે તો કેટલીક કલમો રદ કરવામાં આવી છે. પણ કલમોના અનુક્રમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આપણા બંધારણમાં ઘણીબધી બાબતોની વિગતે જોગવાઈ કરવામાં આવી હોવાથી આપણું બંધારણ લાંબું બન્યું છે.

**(3) સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક, બિનસાંપ્રદાયિક, સમાજવાદી :** બંધારણ ભારતને સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક, સમાજવાદી, બિનસાંપ્રદાયિક જાહેર કરે છે. સમાજવાદ અને બિનસાંપ્રદાયિક શબ્દો મૂળ બંધારણમાં ન હતા તે 1976માં કટોકટી દરમિયાન 42માં બંધારણીય સુધારા દ્વારા ઉમેરવામાં આવેલા છે. ભારત બહારના તેમજ અંદરના કોઈ પણ જાતના અંકુશોથી મુક્ત છે. દેશના સંચાલન અંગેની સંપૂર્ણ સત્તા સાર્વભૌમ રાજ્યનું લક્ષણ છે. બહારની કોઈ પણ સત્તા ઉપર ભારતે હવે આધાર રાખવાનો નથી.

**(4) સંસદીય લોકશાહી :** ભારતીય બંધારણની કલમ 79 થી 122 ની જોગવાઈ મુજબ કેન્દ્રમાં અને કલમો 153થી 167 મુજબ રાજ્યોમાં સંસદીય સ્વરૂપની સરકારની રચના કરવામાં આવી છે. આ બાબતે આપણે બ્રિટિશ મૉડેલને અપનાવ્યું છે; કારણ કે, પાર્લમેન્ટને જવાબદાર એવી બ્રિટિશ ઢબને સંસદીય લોકશાહીનો આપણને પ્રત્યક્ષ અનુભવ હતો. સંસદીય સરકારનું મહત્ત્વનું લક્ષણ એ છે કે, સાચી સત્તા લોકોના પ્રતિનિધિઓમાંથી બનેલા પ્રધાનમંડળમાં જ સ્થાપિત થયેલી હોય છે. પ્રધાનમંડળની રચના સંસદ સભ્યોમાંથી કરવામાં આવે છે અને પ્રધાનમંડળ લોકો દ્વારા ચૂંટાયેલા સંસદને જવાબદાર હોય છે. નીચલા ગૃહ-લોકસભાનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી જ સત્તા ઉપર રહી શકે છે. સંસદીય સરકાર એ સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત ઉપર કામ કરે છે. તેથી તેને 'જવાબદાર સરકાર' કહેવામાં આવે છે.

**(5) મૂળભૂત હકો :** ભારતના બંધારણના ભાગ 3માં મૂળભૂત હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતના લોકો એક સ્વતંત્ર રાષ્ટ્રના નાગરિકો તરીકે ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે છ જેટલા મૂળભૂત હકો આપવામાં આવ્યા છે. વ્યક્તિના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે આ હકો જરૂરી છે. લોકશાહી રાજ્યનું આ અનોખું અને આવશ્યક લક્ષણ છે. મૂળભૂત હકોના રક્ષણ માટે પણ બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે.

**(6) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો :** બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કર્યો છે તે એક નવીન પગલું છે. આવા સિદ્ધાંતો આર્યલેન્ડના બંધારણમાં પણ જોવા મળે છે. સિદ્ધાંતો નૈતિક હોઈ તેનો અમલ રાજ્યની મરજી ઉપર આધારિત છે. દરેક સ્તરની સરકાર તેનો અમલ કરે તે ઇચ્છનીય માનવામાં આવ્યું છે. ગમે તે પક્ષની સરકાર હોય પણ તે આ સિદ્ધાંતોનો અમલ કરવા માટે નૈતિક રીતે બંધાયેલી છે. આ સિદ્ધાંતોમાં સમાજવાદ અને ગાંધીવાદના આદર્શો વ્યક્ત થયેલા છે.

**(7) મજબૂત કેન્દ્રવાળું સમવાયતંત્ર :** ભારતના લાંબા ઇતિહાસનો સૌથી મહત્ત્વનો બોધપાઠ એ છે કે જ્યારે-જ્યારે ભારતનું કેન્દ્રીય શાસન નબળું પડ્યું છે ત્યારે પરદેશી શાસકોએ આક્રમણ કરીને સત્તા પડાવી લીધી છે. કેન્દ્રીય શાસનને એ કારણસર મજબૂત રાખવાની ઐતિહાસિક આવશ્યકતા હતી. ભાષા, સંસ્કૃતિ, ધર્મો વગેરેની પ્રાદેશિક લાક્ષણિકતાઓને પણ

જાળવવી જરૂરી હતી. પરસ્પર વિરોધી લાગતી આવી અનિવાર્યતાઓને ધ્યાનમાં રાખીને બંધારણના ઘડવૈયાઓએ એક વિશિષ્ટ સ્વરૂપનું સમવાયતંત્રનું માળખું અપનાવ્યું છે. સમવાયી પ્રથાનાં લક્ષણોનો સ્વીકાર કરેલો હોવા છતાં કેન્દ્રને મજબૂત બનાવે તેવી સત્તાઓ આપવામાં આવી છે. તેમજ સમગ્ર દેશ માટે એક જ વહીવટી માળખું સ્થાપવામાં આવ્યું છે. આમ છતાં રાષ્ટ્રનું અને બંધારણનું અસ્તિત્વ જોખમમાં હોય ત્યારે કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેન્દ્રને વધુ સત્તાઓ આપવામાં આવે છે. આથી ઘણા વિચારકો આપણી પ્રથાને 'અર્ધ-સમવાયી'તરીકે પણ ઓળખાવે છે. કટોકટી વખતે આસાનીથી તેને એકતંત્રની વ્યવસ્થામાં બદલી શકાય છે.

**(8) દ્વિગૃહી પ્રથા :** બંધારણે કેન્દ્રમાં દ્વિગૃહી પ્રથાનો સ્વીકાર કર્યો છે. લોકસભા નીચલું ગૃહ છે. તેમાં લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે અને રાજ્યસભા ઉપલું ગૃહ છે. તેમાં રાજ્યોની વિધાનસભાઓ દ્વારા ચૂંટાઈ આવેલ સભ્યો બેસે છે. તેઓ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. રાજ્યસભાની સત્તા ઓછી છે અને નાણાકીય બાબતોમાં તો બિલકુલ ઓછી સત્તા છે. લોકસભાની સત્તાઓ વિશેષ ચઢિયાતી અને કેટલીક બાબતોમાં નિર્ણાયક છે.

કેન્દ્રની જેમ એકમ-રાજ્યોમાં દ્વિગૃહીપ્રથા રાખવી કે એકગૃહી તે રાજ્યોની ઇચ્છા ઉપર છોડવામાં આવ્યું છે. કેટલાંક રાજ્યોએ વિધાનસભા અને વિધાન પરિષદ એવાં બે ગૃહો રાખ્યાં છે. મોટા ભાગનાં રાજ્યોએ એકગૃહી પ્રથા અપનાવી છે.

**(9) ધર્મનિરપેક્ષતા :** ભારતીય બંધારણનું આ ઉમદા લક્ષણ છે.

(i) ભારતનું રાજ્ય ધર્મનિરપેક્ષ છે, જેની ચર્ચા આમુખમાં કરવામાં આવી છે.

(ii) બંધારણની વિવિધ જોગવાઈઓમાંથી ધર્મનિરપેક્ષતા (બિનસાંપ્રદાયિકતા)નું લક્ષણ ફલિત થાય છે.

(iii) ધર્મના આધારે રાજ્ય કોઈ નાગરિક પ્રત્યે ભેદભાવ રાખતું નથી.

(iv) ધાર્મિક લઘુમતીઓને કેટલાક વિશેષ અધિકારો અને સવલતો આપવામાં આવેલી છે. બંધારણની આ બધી બાબતો ધર્મનિરપેક્ષ રાજ્યોમાં જ પ્રાપ્ય હોય છે.

(v) ભારતનું રાજ્ય કોઈ ધર્મના સિદ્ધાંતો કે માન્યતાના આધારે ચાલશે નહિ.

**(10) આમુખથી પ્રારંભ :** બંધારણની શરૂઆત આમુખથી થાય છે. તેને પ્રસ્તાવના પણ કહી શકાય. આમુખમાં ભારતીય રાજ્યોનાં મહત્ત્વનાં લક્ષણોની ઝાંખી થાય છે. આમુખની વિગતે ચર્ચા આમુખના મુદ્દામાં કરેલી છે.

**(11) બંધારણમાં ફેરફાર કરવાની પદ્ધતિ :** લિખિત બંધારણને સમય અને સંજોગોની જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરવાની જરૂર પડતી હોય છે. જે સુધારો સાદી બહુમતીથી થઈ શકે તે બંધારણ સુપરિવર્તનશીલ છે. જ્યારે જે સુધારાને વિશિષ્ટ બહુમતીની જરૂર પડે તેને દુષ્પરિવર્તનશીલ કહે છે. ભારતના બંધારણમાં આ બંને તત્ત્વોનું મિશ્રણ કરવામાં આવ્યું છે.

**(12) અદાલતી સમીક્ષા :** અદાલતી સમીક્ષા એ ભારતના બંધારણનું એક વિશિષ્ટ લક્ષણ છે. સંસદે પસાર કરેલા કાયદા, એકમ રાજ્યોની ધારાસભાઓએ ઘડેલા કાયદા, ઉપરાંત કેન્દ્ર અને રાજ્યોની કારોબારી દ્વારા બહાર પડાયેલા આદેશો, સર્વોચ્ચ અદાલત અને રાજ્યની વડીઅદાલતો દ્વારા અપાયેલા ચુકાદાઓ તેમજ બંધારણમાં કરવામાં આવેલા સુધારા આ બધાની સમીક્ષા કરવાની ન્યાયતંત્રની સત્તાને અદાલતી સમીક્ષા કહેવામાં આવે છે. જો અદાલતને એમ લાગે કે ઘડવામાં આવેલા કાયદા, જારી કરવામાં આવેલા આદેશો, કરવામાં આવેલા બંધારણીય સુધારાઓ બંધારણ સાથે સુસંગત નથી તો તે ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરી શકે છે.

**(13) એકીકૃત અને સ્વતંત્ર ન્યાયતંત્ર :** ભારતમાં પિરામિડ આકારના સળંગ અને સુગ્રથિત ન્યાયતંત્રની જોગવાઈ છે. સૌથી ઉપર સર્વોચ્ચ અદાલતની રચના થયેલી છે. તેની નીચે રાજ્યોની વડીઅદાલતો અને તેની નીચે જિલ્લાની અદાલતો તથા તાબાની અદાલતો આવેલી છે. અમેરિકા કે જ્યાં સમવાયીપ્રથા છે, ત્યાં કેન્દ્ર અને રાજ્યોનાં આગવાં અને સમાંતર ન્યાયતંત્રો છે.

ભારતમાં ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી અલગ અને સ્વતંત્ર રાખવામાં આવ્યું છે. તેની સ્વતંત્રતાનું રક્ષણ કરવા સંબંધી બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવેલ છે. લોકશાહી રાજ્યવ્યવસ્થાનું તે જરૂરી લક્ષણ ગણાય છે.

**(14) પછાતવર્ગો અને જાતિઓ માટે ખાસ જોગવાઈ :** આપણા બંધારણમાં પછાત સમૂહો અને અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. ધારાગૃહોમાં રાજકીય પ્રતિનિધિત્વ માટે રાજકીય અનામતો, સરકારી

નોકરીઓમાં અનામત બેઠકો અને શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ માટે અનામતોનો લાભ તેમજ તેમને શિક્ષણ માટે શિષ્યવૃત્તિઓ, સુવિધાઓ અને ફી માફીની સગવડનો ખાસ લાભ આપવામાં આવ્યો છે.

**(15) સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર :** ભારતીય બંધારણ મુજબ 18 વર્ષની ઉંમરના તમામ નાગરિકોને મતાધિકાર આપવામાં આવ્યો છે. બંધારણની કલમ-326 હેઠળ અપનાવવામાં આવેલું સાર્વત્રિક પુખ્તવય મતાધિકારનું પગલું ઘણું હિંમતભર્યું છે. ખાસ કરીને જ્યાં વસ્તીનો ઘણો ભાગ જ્યારે ગરીબ અને અશિક્ષિત હોય ત્યારે કોઈ પણ જાતના ભેદભાવ વગર માત્ર ઉંમરના ધોરણે જ કલમના એક જ ઝાટકે સ્ત્રી-પુરુષ દરેક નાગરિકને સમાન મતાધિકાર એ ખરેખર જ પ્રગતિશીલ પગલું છે. બધા જ લોકશાહી દેશો કરતાં આપણા દેશના મતદારોની સંખ્યા વધુ છે. સામાન્ય ચૂંટણીઓમાં ઉત્તરોત્તર વધેલી મતદારોની સંખ્યા અને સજાગતા એ તેનું પ્રમાણ કે સફળતાની સાબિતી છે.

**બંધારણમાં સુધારાની પ્રક્રિયા**

સમાજ પરિવર્તનશીલ છે અને રાજ્ય એક સામાજિક સંસ્થા છે. તેથી રાજ્યનું સ્વરૂપ નક્કી કરનાર બંધારણમાં પણ જરૂર પડે, પરિવર્તન એટલે કે સુધારા કરવા જરૂરી બને છે. ભારતનું બંધારણ લેખિત અને દસ્તાવેજી છે. આમ છતાં તે સ્થિતિસ્થાપક પણ છે. ભારતના બંધારણ વિશે એમ.વી પાયલી નામના વિદ્વાને યોગ્ય લખ્યું છે કે, ''એવું કોઈ સમવાયતંત્રી બંધારણ નહિ હોય જે સ્થિતિસ્થાપક તથા મુશ્કેલ એમ બંને સંશોધન-પ્રક્રિયાનો ઉપયોગ કરે આ વિશેષતા માત્ર ભારતના બંધારણમાં જોવા મળે છે.''

**સુધારાની પ્રક્રિયા :** બંધારણમાં સુધારા માટે કલમ 368 નીચે સંસદ ત્રણ રીતે બંધારણમાં સુધારો કરી શકે છે. આવા સુધારા સંસદના કોઈ પણ ગૃહમાં ખરડો રજૂ કરીને થાય છે. સુધારાને કાયદા ઘડતરની જેમ ત્રણ વાંચન અને જરૂર પડે પ્રવર સમિતિને સોંપી શકાય છે. પરંતુ તેને માટે લોકમત લેવાની જોગવાઈ નથી. બંધારણ સુધારાની રીત નીચે પ્રમાણે છે :

**(ક) સાદી બહુમતી દ્વારા :** બંધારણમાં એવી કેટલીક જોગવાઈઓ છે કે જેમાં સુધારો કરવા માટે સંસદના હાજર સભ્યોની સાદી બહુમતી જરૂર પડે છે. જેમ કે નાગરિકત્વની યોગ્યતા માટે, રાજ્યોના ઉપલા ગૃહની રચના અને તેના વિસર્જન માટે, સર્વોચ્ચ અને અન્ય ન્યાયાલયોના ન્યાયાધીશોના પગાર અંગે નવાં રાજ્યોની રચના કોઈ રાજ્યના વિસ્તારમાં કે તેની સરહદમાં પરિવર્તન જેવી બાબતો અંગેના સુધારાનો સમાવેશ થાય છે.

**(ખ) બે તૃતીયાંશ બહુમતી દ્વારા :** આગળ જણાવ્યા તે સિવાયની તમામ બાબતોને લગતા સુધારા માટે સંસદના બંને ગૃહોની હાજર સંખ્યાની $\frac{2}{3}$ બહુમતીથી બંધારણમાં સુધારો થઈ શકે છે.

**(ગ) વિશેષ બહુમતી તથા રાજ્યોની સંમતિ :** બંધારણમાં એવી કેટલીક જોગવાઈઓ છે જે કેન્દ્ર-રાજ્ય બંનેને સ્પર્શતી હોય છે. આ જોગવાઈઓ જેવી કે રાષ્ટ્રપતિની ચૂંટણી, કેન્દ્ર અને રાજ્યોની કારોબારી, કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાની વહેંચણી, સંસદમાં રાજ્યોના પ્રતિનિધિત્વમાં સુધારા માટે સંસદના બંને ગૃહોના હાજર સભ્યોની $\frac{2}{3}$ બહુમતી ઉપરાંત ઓછામાં ઓછા 50 % રાજ્યોની સંમતિની જરૂર પડે છે.

આ ત્રણેય રીતોમાંથી કોઈ પણ રીતે પસાર થયેલા બંધારણીય સુધારાને રાષ્ટ્રપતિની સંમતિ માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપતિની સંમતિ મળ્યા પછી બંધારણીય સુધારો અમલમાં આવે છે.

બંધારણની કલમ 356 પ્રમાણે રાજ્યના રાજ્યપાલના અહેવાલથી અથવા અન્ય સ્રોતથી રાષ્ટ્રપતિને ખાતરી થાય કે બંધારણીય જોગવાઈઓ પ્રમાણે રાજ્ય સરકારનો વહીવટ ચાલી શકે તેમ નથી તો રાષ્ટ્રપતિ એ રાજ્યમાં બંધારણીય કટોકટી જાહેર કરી શકે છે. આ કટોકટી જાહેર થતાં એ રાજ્યની થોડીક કે સંપૂર્ણ સત્તા રાષ્ટ્રપતિ લઈ શકે છે. વિધાનસભાને મૂર્છિત કરાય કે વિસર્જિત પણ કરી શકાય છે. આ સમયે સંસદ રાજ્યયાદીના વિષય ઉપર તે રાજ્ય માટે કાયદા ઘડી શકે છે. સંસદ તે રાજ્યનું અંદાજપત્ર પણ ઘડી શકે છે. રાષ્ટ્રપતિ તે રાજ્યની સંચિત નિધિમાંથી ખર્ચ કરી શકે છે. આ સમય તે રાજ્ય માટે 'રાષ્ટ્રપતિશાસન'નો ગણાય છે. તેમાં રાજ્યપાલ રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે સીધો વહીવટ સંભાળે છે. રાષ્ટ્રપતિના જાહેરનામાને બે માસમાં સંસદની મંજૂરી લેવી પડે છે.

# રાષ્ટ્રવાદ

રાષ્ટ્રવાદની સમજૂતી મેળવતાં પહેલાં આપણે 'રાષ્ટ્ર' શબ્દનો અર્થ જાણવો જરૂરી છે. રાષ્ટ્ર માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ 'નેશન' લેટિન ભાષાના 'નેસીયો' ઉપરથી ઊતરી આવ્યો છે. જેનો અર્થ 'જાતિ' એવો થાય છે. આમ, તેના શબ્દાર્થ પ્રમાણે રાષ્ટ્ર એટલે એક જ જાતિમાંથી બનેલો સમૂહ. પરંતુ, લૉર્ડ બ્રાઈસનું કહેવું છે કે રાષ્ટ્ર માટે રાષ્ટ્રીયતાની માનસિક કે આધ્યાત્મિક ભાવનામાં રાજકીય તત્ત્વ ઉમેરાય ત્યારે તે રાષ્ટ્ર બને છે. એટલે કે રાષ્ટ્રીયતા જ્યારે સ્વતંત્રતાપ્રાપ્તિની પ્રબળ ઇચ્છા ધરાવે ત્યારે તે રાષ્ટ્ર બને છે.

આમ ભાષા, ધર્મ, જાતિ, ભૌગોલિક એકતા અને ભાવાત્મક એકતા રાષ્ટ્રના સર્જનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આવું પ્રત્યેક 'રાષ્ટ્ર' રાજ્ય બનવાની ઝંખના ધરાવે છે. આવું રાષ્ટ્ર જ્યારે રાજ્યનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે રાષ્ટ્ર રાજ્ય તરીકે ઓળખાય છે. આમ છતાં રાષ્ટ્ર અને રાજ્ય વચ્ચે તફાવત છે જે નીચે પ્રમાણે સમજી શકાય :

**(ક) અર્થની દૃષ્ટિએ :** જ્યારે કોઈ એક માનવસમૂહ જાતિ, ભાષા, ધર્મ, ભૌગોલિક એકતા, સમાન, ઐતિહાસિક વારસો, સમાન પ્રણાલિકાઓ અને ભાવાત્મક ઐક્ય ધરાવે છે ત્યારે તે રાષ્ટ્ર એકતા અનુભવે છે. આવો માનવસમૂહ રાજકીય રીતે સ્વતંત્ર થવાની ઝંખના કરે ત્યારે તે રાષ્ટ્ર કહેવાય છે. આ સાથે એ પણ મહત્ત્વનું છે કે, એક રાષ્ટ્રમાં વિવિધ ભાષા, વિવિધ ધર્મો, વિવિધ જાતિવાળા માનવસમૂહો હોઈ શકે છે.

જ્યારે રાજ્ય માટે ચાર ઘટકતત્ત્વો મહત્ત્વનાં છે : વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વ.

**(ખ) સ્વરૂપની દૃષ્ટિએ :** રાષ્ટ્ર મુખ્યત્વે સાંસ્કૃતિક ખ્યાલ છે. તેમાં રાજકીય તત્ત્વ હોય પણ ખરું અને ન પણ હોય. જો હોય તો તે ગૌણ સ્વરૂપનું હોય છે.

જ્યારે રાજ્ય સંપૂર્ણ રીતે રાજકીય સ્વરૂપ ધરાવે છે. તે આંતરિક અને બાહ્ય બંને રીતે સાર્વભૌમત્વ ધરાવે છે. દા.ત., 15 મી ઑગસ્ટ, 1947 પહેલાં ભારત રાષ્ટ્ર હતું પરંતુ 15 મી ઑગસ્ટ, 1947ના રોજ સ્વતંત્રતા મળતાં ભારત રાજ્ય બન્યું.

**(ગ) પીઠબળની દૃષ્ટિએ :** રાજ્યને સાર્વભૌમત્વનું પીઠબળ હોવું જ જોઈએ. જ્યારે રાષ્ટ્રને સાર્વભૌમત્વનું પીઠબળ હોય પણ ખરું અને ન પણ હોય, તે તેનું અનિવાર્ય તત્ત્વ નથી.

**(ઘ) વ્યાપની દૃષ્ટિએ :** રાષ્ટ્રનો વ્યાપ મોટો હોઈ શકે છે. રાષ્ટ્ર માટે ચોક્કસ ભૌગોલિક સરહદોની જરૂર નથી. જ્યારે રાજ્ય બનવા માટે ચોક્કસ ભૌગોલિક વિસ્તાર આવશ્યક તત્ત્વ છે. જે રાજ્યની ચોક્કસ સરહદો સૂચવતો હોય છે.

આમ રાજ્ય કરતાં રાષ્ટ્રનો વ્યાપ મોટો હોઈ શકે છે. દા.ત., 1948 પહેલાં યહૂદીઓ વિશ્વના ઘણા દેશોમાં ફેલાયેલા હતા. તેઓ યહૂદી રાષ્ટ્રની એકતા અનુભવતા હતા.

**(ચ) ઘટકતત્ત્વોની દૃષ્ટિએ :** રાષ્ટ્ર બનવા માટે આગળ જોયાં તે ભાષા, ધર્મ વગેરે તમામ તત્ત્વોની હાજરી અનિવાર્ય નથી. જ્યારે રાજ્ય બનવા માટે આગળ જોયાં તે ચાર ઘટકતત્ત્વો - વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વ અનિવાર્ય છે.

**(છ) ખ્યાલની દૃષ્ટિએ :** રાષ્ટ્રને ભાવાત્મક એકતા સાથે સંબંધ છે. જ્યારે રાજ્ય કાનૂની ખ્યાલ ધરાવે છે. તેને કાનૂની વ્યક્તિત્વ હોય છે.

આમ, રાષ્ટ્ર અને રાજ્ય બંને ખ્યાલો વચ્ચે સ્પષ્ટ અંતર છે. આમ છતાં કેટલીક વાર બંને એકબીજાની અવેજીમાં પણ વપરાય છે. દા.ત., 1945માં સ્થપાયેલ સંયુક્ત રાષ્ટ્રો (યુએન) એ વાસ્તવમાં સાર્વભૌમ રાજ્યોનો સંઘ છે. આમ છતાં તે રાષ્ટ્રોના સંઘ તરીકે ઓળખાય છે. તે જ રીતે ભારતીય સંઘમાં જે ઘટક એકમો છે તે રાજ્યોના નામે ઓળખાય છે. પરંતુ તેઓ રાજ્યશાસ્ત્રની પરિભાષાની દૃષ્ટિએ 'રાજ્ય' નથી.

રાષ્ટ્રવાદ એ રાષ્ટ્રમાં ઊભી થતી મારાપણાની ઊંચી ભાવના છે. તે એક અત્યંત પ્રભાવશાળી વિચારધારા છે. તે પોતાના રાષ્ટ્રને શ્રેષ્ઠ ગણે છે. જો રાષ્ટ્ર પરાધીન હોય તો તેની સ્વતંત્ર બનવાની રાજકીય મહેચ્છા ઉગ્ર બનાવે છે. રાષ્ટ્ર-રાજ્ય ઉપર આફત આવે ત્યારે તે પોતાનાં રાજ્યોની શાંતિ, સલામતી અને અખંડિતતા માટે મરી-ફીટવાની ભાવના પેદા કરે છે.

**રાષ્ટ્રવાદનાં લક્ષણો**

કેટલાક અભ્યાસીઓએ રાષ્ટ્રવાદનાં લક્ષણો નીચે પ્રમાણે આપ્યાં છે :

**(1) સમાન આદતો અને સંચારની સુવિધા :** સમાન આદતો અને સંચારમાં ભાગીદાર બનતો મોટો માનવસમૂહ એ રાષ્ટ્રવાદનું પ્રથમ લક્ષણ છે. સંચારમાં ભાષા, લિપિ અને ચિત્ર જેવાં પ્રતીકોની સમાનતા સમાજમાં એકરૂપતા લાવે છે.

**(2) તે માનસિક સ્થિતિ છે :** રાષ્ટ્રવાદ એ મનની એક ભાવના છે. તે એવી માનસિક અવસ્થા છે, જેમાં લોકોની અંતિમ જવાબદારી પોતાના રાષ્ટ્ર પ્રત્યે છે. તે કેટલુંક રહસ્યનું તત્ત્વ ધરાવે છે. તે વાસ્તવિક હોય કે ન પણ હોય તેવા રાષ્ટ્ર સાથે સંકળાયેલ હોય છે.

**(3) તે આધુનિક ઘટના છે :** પ્રાચીન સમયમાં પણ પ્રજાને પોતાના દેશ પ્રત્યે પ્રેમ હતો જ. પરાજિત મહારાણા પ્રતાપની મદદે પોતાના કરોડો રૂપિયાનાં ઝવેરાત સાથે મદદે જનાર ભામાશા શેઠ જેવાં ઉદાહરણો ભારતમાં અન્ય સ્થળે અને વિશ્વના દેશોમાં હતાં જ. પરંતુ આમજનતાની જાગૃતિ અને એકતાને વ્યક્ત કરતી વેસ્ટફાલિયાની સંધિમાં આધુનિક રાષ્ટ્રવાદના બીજ પ્રથમવાર જોવા મળ્યાં. 18મી સદીમાં અમેરિકન સ્વાતંત્ર્યસંગ્રામમાં 'પ્રતિનિધિત્વ નહિ તો કર નહિ' એવી લોકજાગૃતિમાં અને ફ્રેન્ચ ક્રાંતિની સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવનામાં રાષ્ટ્રવાદ સ્પષ્ટરૂપે વ્યક્ત થયો.

**(4) રાષ્ટ્રવાદ માટે રાજ્યનું હોવું જરૂરી નથી :** રાષ્ટ્રવાદી ભાવના રાજ્યનાં અસ્તિત્વ વગર પણ ઉદ્ભવી શકે છે. જેમ કે, ભારતમાં અંગ્રેજોની ગુલામી સમયે 1885માં ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસની સ્થાપના સાથે રાષ્ટ્રવાદનો થયેલો ક્રમિક વિકાસ.

**(5) એક રાજ્યમાં રાષ્ટ્રો અનેક હોઈ શકે પરંતુ રાષ્ટ્રવાદ એક જ હોય છે :** રાજકીય ચિંતક જે. એસ. મિલ અને અમેરિકન પ્રમુખ વુડ્રોવિલ્સન એક રાષ્ટ્ર એક રાજ્યના સમર્થક હતા. પ્રથમ વિશ્વયુદ્ધ પછી આ સિદ્ધાંતને પગલે કેટલાંક નવાં રાષ્ટ્ર-રાજ્યોનો જન્મ પણ થયો.

પરંતુ એક રાષ્ટ્ર એક રાજ્યના સિદ્ધાંતનો વ્યાપક પાયા ઉપર અમલ થઈ શકે તેમ નથી, તે બાબતનું સમર્થન બહુત્વવાદીઓએ કર્યું. આ બહુરાષ્ટ્ર - એક રાજ્યના સિદ્ધાંતનો અમલ આજે પણ અમેરિકા, ભારત, ચીન અને રશિયા જેવાં વિશ્વનાં ઘણાં રાજ્યોમાં જોવા મળે છે. અહીં વિવિધતામાં એકતાથી તંદુરસ્ત રાષ્ટ્રવાદનો વિકાસ થયેલો જણાય છે.

**(6) રાષ્ટ્રવાદ ઉદારમતવાદી અથવા ઉગ્રવાદી :** જ્યારે રાષ્ટ્રના લોકો પોતાના રાષ્ટ્ર માટે ગૌરવની લાગણી ધરાવતા હોય, તે સાથે અન્ય રાષ્ટ્રના સહઅસ્તિત્વને પણ સ્વીકારતા હોય ત્યારે તે ઉદારમતવાદી રાષ્ટ્રનું સ્વરૂપ ધારણ કરે છે.

જ્યારે મુસોલિનીના નેતૃત્વ નીચે ઈટાલીમાં ફાસીવાદી અને હિટલરના નેતૃત્વ નીચે જર્મનીમાં વિકસેલ નાઝીવાદી રાષ્ટ્રવાદે આર્યજાતિ જ મહાન છે, વિશ્વની અન્ય પ્રજા નિમ્ન કક્ષાની છે. તેવી ભાવના ફેલાવી જે બીજા વિશ્વયુદ્ધ માટે મહત્ત્વનું કારણ બની. ફાસીવાદ અને નાઝીવાદ એ ઉગ્ર રાષ્ટ્રવાદનાં ઉદાહરણો છે.

**(7) ઉદાર રાષ્ટ્રવાદ સમાજને સંગઠિત કરે છે :** ઉદાર રાષ્ટ્રવાદ વિવિધ ધર્મો, વિવિધ ભાષાઓ, વિવિધ વર્ગો અને વિવિધ જાતિઓ વચ્ચેના ભેદભાવને ઓળંગીને લોકોને એક રાષ્ટ્ર-રાજ્યની ભાવના પ્રત્યે વફાદાર બનાવે છે.

**(8) તે આપત્તિઓનો સામનો કરવાની શક્તિ આપે છે :** સમાજ અને રાજ્ય ઉપર ક્યારેક કુદરતી આપત્તિ જેવી કે ધરતીકંપ, પૂર, વાવાઝોડું અને માનવસર્જિત આપત્તિ જેવી કે, વિદેશી આક્રમણ આવે છે. આ સમસ્યાઓનો સફળતાપૂર્વક સામનો કરવાનું નૈતિક બળ રાષ્ટ્રવાદ પૂરું પાડે છે.

**(૭) રાષ્ટ્રને આર્થિક રીતે મજબૂત બનાવે છે :** યુરોપના સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદનો ભોગ બનેલા દેશોના લોકો ઉપર થયેલા અત્યાચારોએ લોકોમાં આર્થિક જાગૃતિ આણેલી તેથી આ ગુલામ દેશોમાં આર્થિક રાષ્ટ્રવાદ મજબૂત બન્યો. આર્થિક ચિંતક દાદાભાઈ નવરોજીએ પોતાના અભ્યાસોને આધારે કહેલું કે, 'હિંદની ગરીબાઈનું કારણ અંગ્રેજોની શોષણનીતિમાં રહેલું છે.' ગાંધીજીનો વિદેશી માલનો બહિષ્કાર, સ્વદેશીનો આગ્રહ અને ગામડાને આત્મનિર્ભર બનાવવાના વિચારો ભારતના રાષ્ટ્રવાદને પોષક હતા.

આમ રાષ્ટ્રવાદ રાજ્યને અનેક રીતે ઉપકારી હોવા છતાં વૈશ્વિકીકરણના નૂતન પ્રવાહો વિશ્વને આંતર રાષ્ટ્રવાદ તરીકે દોરનારા બન્યા છે. આમ છતાં આજે પણ પ્રત્યેક રાષ્ટ્ર-રાજ્ય નાગરિકની તેના પ્રત્યેની વફાદારી ઉપર ભાર મૂકે છે. તેથી જ ભારતના બંધારણમાં મૂળભૂત ફરજો ઉમેરાઈ અને તેના ઉપર ભાર મુકાયો. નાગરિકો પણ પોતાના રાષ્ટ્ર-રાજ્યને વિશ્વમાં માનપૂર્ણ દરજ્જો મળે તેવું ઇચ્છતા હોય છે.

# મૂળભૂત હકો, ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

લોકશાહીમાં નાગરિકના જીવનમાં હકોએ અગત્યનું સ્થાન ધારણ કર્યું છે. સમાજમાં રહેતા મનુષ્યને અનેક પ્રકારની જરૂરિયાતો હોય છે. તેની અમુક જરૂરિયાતો એટલી બધી અગત્યની હોય છે કે જો આ જરૂરિયાતો સંતોષાય નહિ તો મનુષ્ય સાચા અર્થમાં પોતાનું જીવન જીવતો નથી એમ કહી શકાય. અન્ન, વસ્ત્ર અને રહેઠાણની પ્રાથમિક જરૂરિયાતો ઉપરાંત પણ અનેક જરૂરિયાતો મનુષ્યને હોય છે. જે સંતોષવા મનુષ્ય પ્રયત્નશીલ હોય છે. કેમ કે તેમ કરવાથી જ મનુષ્ય પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકે છે. વળી વ્યક્તિને તેના વ્યક્તિત્વના વિકાસ અર્થે કુદરત તરફથી પણ અમુક શક્તિ મળેલી હોય છે. આ શક્તિને ખીલવવા માટે હકો અનિવાર્ય છે. માટે હકો ઉદ્ભવે છે કે તેનું સર્જન થાય છે. સમાજમાં રહેલી દરેક વ્યક્તિને જરૂરિયાતો હોવાથી તેમજ દરેક પાસે કુદરતી શક્તિ હોવાથી પ્રત્યેક વ્યક્તિએ અન્યની જરૂરિયાતો અને શક્તિને લક્ષમાં રાખીને જ વર્તન–વ્યવહાર કરવાનો હોય છે માટે, દરેકે પોતાના હક ઉપરાંત બીજી બાબતોનો પણ ખ્યાલ રાખવો પડે છે અને તે છે ફરજ. હકની સાથે જ ફરજનો ખ્યાલ જોડાયેલો છે. આપણા હક એ અન્યની આપણા તરફની ફરજ છે અને તેમના હક એ આપણી તેમના તરફની ફરજ છે. આમ હક અને ફરજ એ એક સિક્કાની બે બાજુ સમાન છે.

### મૂળભૂત હકોનો અર્થ

હકોને મનુષ્યના સામાજિક જીવનની અનિવાર્ય જરૂરિયાતો તરીકે ઓળખાવી શકાય. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં કહીએ તો, હકો દ્વારા જ મનુષ્ય પોતાની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે છે. જે વ્યક્તિ હકો ભોગવતી નથી તે પોતાનો વિકાસ કરી શકતી નથી અને પરિણામે તેનું જીવન કુંઠિત થઈ જાય છે. આપણા હકો સમાજથી સ્વતંત્ર નહિ પરંતુ સમાજમાં ઉદ્ભવે છે. સમાજ નથી તો હકો નથી. રાજ્ય હકો ઊભા કરતું નથી પરંતુ તે તો માત્ર સમાજ દ્વારા સ્વીકારાયેલા હકોની જાળવણી કરે છે અને અદાલત દ્વારા તેના રક્ષણની ખાતરી આપે છે. ટૂંકમાં કહીએ તો, વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે જે સામાજિક પરિસ્થિતિઓનું હોવું અને ચાલુ રહેવું અત્યંત જરૂરી છે તેને સામાન્ય રીતે વ્યક્તિના હકો તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, ‘હકો સામાજિક જીવનની એવી જરૂરિયાતો છે કે જેના સિવાય કોઈ પણ મનુષ્ય, પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી શકતો નથી.’

અન્ય રીતે વિચારીએ તો એવું કહી શકાય કે હકોની ગેરહાજરી મનુષ્યને ગુલામ બનાવે છે. મનુષ્ય તરીકે જન્મતાંની સાથે જ વ્યક્તિ કેટલાક હકોનો હકદાર બને છે માટે આ હકોને માનવહકો તરીકે ઓળખવામાં આવે છે. 10 ડિસેમ્બર, 1948 ના રોજ સંયુક્ત રાષ્ટ્રો (યુએન - UN)ની મહાસભાએ માનવહકોની વૈશ્વિક ઘોષણા (યુનિવર્સલ ડેક્લેરેશન ઑફ હ્યુમન રાઇટ્સ)ને સ્વીકૃતિ આપી, તેમાં આ બધા હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આની પાછળનો મુખ્ય હેતુ એવી પરિસ્થિતિ સર્જવાનો છે કે વિશ્વનાં રાજ્યો અગત્યના હકોનો સ્વીકાર કરીને પોતાના નાગરિકને તે આપે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે થયેલ માનવહકોનો સ્વીકાર હકોનું મહત્ત્વ દર્શાવે છે. તેથી જ આપણે 10મી ડિસેમ્બરને ‘માનવઅધિકાર દિન’ તરીકે મનાવીએ છીએ. માનવહકો પૈકી કેટલાક અત્યંત મહત્ત્વના હકોનો અમલ રાજ્ય દ્વારા થાય છે. અને તેમના રક્ષણની બાંયધરી આપવામાં આવે છે અને એ સારુ તેમને દેશના બંધારણમાં ગૌરવભર્યું સ્થાન આપવામાં આવ્યું હોય છે. આવા અધિકારોને મૂળભૂત હકો કહેવામાં આવે છે.

### મૂળભૂત હકોનું મહત્ત્વ

હકો અંગેની સમજ મેળવ્યા પછી આપણે એટલું ચોક્કસ કહી શકીએ કે, મનુષ્યજીવનમાં હકો અનિવાર્ય છે. દરેક લોકશાહી રાજ્ય પોતાના નાગરિકને મૂળભૂત હકો આપે છે. જે સાચા અર્થમાં નાગરિક બનવા માટે જરૂરી ગણાય છે. હકો સિવાયના મનુષ્યજીવનનો વિચાર કરવો અશક્ય છે. આ રીતે હકોનું મહત્ત્વ સ્વયંસ્પષ્ટ છે. હકોની અગત્ય કે ઉપયોગિતા આ પ્રમાણે દર્શાવી શકાય :

**(1) વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય છે :** લોકશાહીમાં વ્યક્તિનું સ્થાન ઘણું જ મહત્ત્વનું ગણાય છે. તેથી વ્યક્તિના સર્વાંગી વિકાસ અને તેની અભિવ્યક્તિ માટે રાજ્ય વ્યક્તિત્વના સ્વીકાર અને તેના રક્ષણની જવાબદારી લે છે. પરિણામે રાજ્ય હકોનો સ્વીકાર કરે છે, જેથી વ્યક્તિના સર્વાંગી વિકાસની પરિસ્થિતિઓનું નિર્માણ થાય. આપણે આગળ જોયું કે હકો એ સામાજિક જીવનની એવી જરૂરિયાતો છે કે જેમના સિવાય વ્યક્તિમાં જે શ્રેષ્ઠતા રહેલી છે તેને પ્રાપ્ત કરી શકાતી નથી. આ દૃષ્ટિએ હકો એ વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે અતિ આવશ્યક છે.

**(2) વ્યક્તિ સ્વાતંત્ર્યનું રક્ષણ થાય છે :** લોકશાહીમાં વ્યક્તિ સ્વાતંત્ર્યનું મૂલ્ય ઘણું જ છે અને વ્યક્તિ વિવિધ હકો દ્વારા જ વિવિધ સ્વતંત્રતાઓ ભોગવે છે. તેમાં કોઈ બિનજરૂરી દરમિયાનગીરી કરી શકતું નથી. આ રીતે વ્યક્તિ વિવિધ સ્વતંત્રતાઓના ઉપયોગ દ્વારા પોતાની જરૂરિયાતો સંતોષીને પોતાનો વિકાસ સાધી શકે છે.

**(3) સરકારની સત્તા પર નિયંત્રણ મુકાય છે :** સત્તા સ્થાને રહેલી સરકાર દ્વારા તેની સત્તાનો દુરુપયોગ ન થાય તે માટે હકોના સ્વીકાર દ્વારા સરકારની સત્તા પર અંકુશ મૂકવામાં આવે છે. કારણ કે જ્યારે હકોનો સ્વીકાર કરવામાં આવે છે ત્યારે સરકાર નાગરિકોના જીવનમાં ગેરવાજબી દખલગીરી કરી શકે નહિ. સરકારની બંને શાખા - કારોબારી તથા ધારાસભાએ પણ સચેત રહી પોતાનું કાર્ય કરવાનું હોય છે. કાયદાનું ઘડતર કરતી વખતે ધારાસભા સતત એ બાબતને ધ્યાનમાં રાખે છે કે પોતાના કાયદા દ્વારા અયોગ્ય રીતે કોઈ પણ હકનો ભંગ તો થતો નથી ને ? આ જ રીતે કારોબારી પણ એવું કોઈ પગલું ન ભરી શકે કે જેથી હકોનો અયોગ્ય રીતે ભંગ થાય. આમ, આ બંને શાખાઓએ પોતપોતાની સત્તાનો ઉપયોગ કરતી વખતે હકોને નજર સમક્ષ રાખવાના હોય છે. તેમ છતાં પણ જો કોઈ પણ રીતે હકોનો ભંગ થતો જણાય તો ન્યાયતંત્ર તેવાં પગલાંને ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરી શકે છે. આમ હકોના સ્વીકારથી સરકારની સત્તા પર નિયંત્રણ મુકાય છે.

**(4) લઘુમતીઓના હિતોનું રક્ષણ થાય છે :** લોકશાહી રાજ્યમાં ધાર્મિક, પ્રાદેશિક, ભાષાકીય, સાંસ્કૃતિક વગેરે જેવી લઘુમતીઓ અસ્તિત્વ ધરાવતી હોય છે. હકોના સ્વીકાર દ્વારા લઘુમતીઓને તેમના હિતોનું રક્ષણ થશે તેવી ખાતરી આપવામાં આવે છે. જેથી તેઓ નિશ્ચિંતતા અનુભવે છે. જે લોકશાહી માટે આવકારદાયક ગણાવી શકાય. ભારતમાં પણ અનેક પ્રકારના લઘુમતીઓ હોવાથી ધાર્મિક સ્વાતંત્ર્ય, શિક્ષણ સ્વાતંત્ર્ય, સંસ્કૃતિવિષયક સ્વાતંત્ર્ય વગેરે મૂળભૂત હકો દ્વારા લઘુમતીઓનાં હિતોના રક્ષણની ખાતરી આપવામાં આવી છે.

**(5) રાજ્યનું મૂલ્ય નક્કી થાય છે :** રાજ્ય સારું છે કે નઠારું તે પોતાના નાગરિકોને જે હકો પ્રદાન કરે છે તેના પરથી નક્કી થાય છે. હકો દ્વારા રાજ્ય વ્યક્તિઓનું રક્ષણ કરવાની જવાબદારી લે છે. હકોનો સાચા અર્થમાં સ્વીકાર કરનાર રાજ્યમાં સત્તાનું કેન્દ્રીકરણ થતું નથી અને લોકશાહીનો સારી પેઠે અમલ શક્ય બને છે. આમ, દરેક રાજ્ય તેણે સ્વીકારેલા હકો ઉપરથી ઓળખાય છે.

**(6) નાગરિકોમાં જાગૃતિ આવે છે :** હકોનો સ્વીકાર કરવાથી નાગરિકોમાં રાજકીય જાગૃતિ આવે છે. કારણકે હકોનો સ્વીકાર કરવામાં આવ્યો હોય તેમના પર અંકુશ મૂકવામાં ન આવે તેનું નાગરિક સતત ધ્યાન રાખે છે. આ બાબત ખૂબ જ મહત્ત્વની છે. કેમકે જો નાગરિક જાગ્રત હોય તો જ પોતાની સ્વતંત્રતાઓનું રક્ષણ કરી શકે છે. જાગ્રત નાગરિક પોતાના હકો પર મુકાતા અયોગ્ય અંકુશનો વિરોધ કરે છે. પરિણામે લોકમત સરકારની વિરુદ્ધ જવાની શક્યતા રહે છે. લોકશાહીમાં લોકમતના આધારે જ સરકારોની રચના થાય છે અને ટકે છે.

આ પ્રમાણે હકોનું મહત્ત્વ કે તેની ઉપયોગિતા ઘણી જ હોવાના કારણે તેમનો સ્વીકાર કરવામાં આવે છે. હકોના સ્વીકાર સિવાય લોકશાહીની કલ્પના કરવી જ મુશ્કેલ છે. હક એ રાજ્ય તરફથી મળતી કોઈ ભેટ નથી પરંતુ વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસની અનિવાર્ય એવી પૂર્વશરત છે, એટલે હકની જેટલી અગત્ય આંકીએ તેટલી ઓછી છે.

### મૂળભૂત હકો

ભારતના બંધારણના ત્રીજા ભાગમાં મૂળભૂત હકોને સ્થાન આપવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે :

**(1) સમાનતાનો હક (કલમ 14 થી 18)**

(2) **સ્વતંત્રતાનો હક (કલમ 19 થી 22)**

(3) **શોષણ સામેનો હક (કલમ 23 - 24)**

(4) **ધાર્મિક સ્વાતંત્ર્યનો હક (કલમ 25 થી 28)**

(5) **સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો (કલમ 29 - 30)**

(6) **બંધારણીય ઈલાજોનો હક (કલમ 32)**

શરૂઆતમાં બંધારણમાં ઉપર્યુક્ત છ હકો ઉપરાંત મિલકતનો હક પણ સામેલ હતો પરંતુ સમય સાથે તેમાં અનેક વિવાદો અને ગૂંચવાડા સર્જાતાં તેને મૂળભૂત હક તરીકે રદબાતલ કરી માત્ર કાનૂની હક તરીકે ચાલુ રાખવામાં આવ્યો છે. આમ, વર્તમાન સમયમાં આપણા બંધારણમાં કુલ છ મૂળભૂત હકો સમાવિષ્ટ છે. આ હકોની વિગતે જાણકારી મેળવીએ :

**(1) સમાનતાનો હક (કલમ 14 થી 18) :** સમાનતા લોકશાહીનો પાયો હોઈ બંધારણે દરેક નાગરિકને સમાનતા પ્રાપ્ત થાય તે માટે જોગવાઈ કરી છે.

(i) કલમ 14 અનુસાર ભારતમાં રહેતી બધી વ્યક્તિઓ 'કાયદા સમક્ષ સમાન' અથવા 'કાયદાનું સમાન રક્ષણ' મેળવવાનો હક ધરાવે છે. આનો અર્થ એ થાય છે કે, સમાન સંજોગોમાં દરેક પ્રત્યે રાજ્ય તરફથી સમાન વર્તાવ. ટૂંકમાં, કાયદો બધાને સરખી રીતે લાગુ પડશે અને દરેકને સમાન રક્ષણ આપશે.

(ii) કલમ 15 માં જણાવવામાં આવ્યું છે કે, રાજ્ય ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ કે એવી કોઈ બાબતના આધારે કોઈ પણ નાગરિક સામે ભેદભાવ રાખશે નહિ.

(iii) કલમ 16 દ્વારા જાહેર નોકરીઓમાં નાગરિકોને સમાન તકની ખાતરી આપવામાં આવી છે.

(iv) કલમ 17 દ્વારા અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે. કોઈ પણ પ્રકારના અસ્પૃશ્ય આચરણ કે વ્યવહારને ગેરબંધારણીય અને સજાપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે.

(v) કલમ 18 દ્વારા સમાજમાં કૃત્રિમ અસમાનતા ઊભા કરતા ઈલકાબો કે ખિતાબો નાબૂદ કરવામાં આવ્યાં છે. ખાસ કરીને બ્રિટિશ શાસન દરમિયાન બ્રિટિશ સરકારને મદદરૂપ થતા કેટલાક લોકોને તેની વફાદારીની કદર રૂપે બ્રિટિશ તાજ તરફથી સર, નાઈટહુડ, ખાનસાહેબ, રાવબહાદુર, કૈસર-એ-હિંદ, બેરોનેટ વગેરે જેવા ખિતાબો આપવામાં આવતા હતા, જે સમાજમાં એક પ્રકારનો કૃત્રિમ ભેદભાવ ઊભો કરતાં હતા. આઝાદી બાદ કલમ 18 દ્વારા ભારતના નાગરિકને કોઈ પણ પ્રકારનો વિદેશી ઈલકાબ કે ખિતાબ સ્વીકારવા માટે સ્પષ્ટ રીતનો પ્રતિબંધ છે. આમ છતાં અપવાદરૂપે સેવા તથા શિક્ષણ અને જ્ઞાન કે સેવાના ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર મહાનુભાવોની સેવાની કદરરૂપે તેઓને ભિન્ન-ભિન્ન પ્રકારનાં ઍવોર્ડ્સ આપી શકાય છે. જેમકે; પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ, ભારતરત્ન વગેરે.

સમાનતાના હકના સંદર્ભમાં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે સ્ત્રીઓ, બાળકો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે રાજ્ય જો કોઈ ખાસ જોગવાઈઓ જેમકે અનામત બેઠકો કે અન્ય વિશેષ સવલતો કે વ્યવસ્થા કરે તો તે સમાનતાના હકનો ભંગ ગણાશે નહિ.

આમ, સમાનતાના હકનો ઉદ્દેશ ભારતમાં 'કાયદાનું શાસન' સ્થાપિત કરવાનો છે.

**(2) સ્વતંત્રતાનો હક (કલમ 19 થી 22) :** લોકશાહીના પ્રાણ સમાન સ્વતંત્રતાનો હક બંધારણમાં આપવામાં આવ્યો છે. તેમાં 19મી કલમ હેઠળ જે સ્વતંત્રતાઓ આપી છે. તેનું વિશેષ મહત્ત્વ છે. આ સ્વતંત્રતાઓ આ પ્રમાણે છે :

(i) વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય

(ii) શાંતિપૂર્વક અને શસ્ત્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય

(iii) મંડળો, સંસ્થાઓ કે સંઘો રચવાનું સ્વાતંત્ર્ય

(iv) ભારતના કોઈ પણ પ્રદેશ કે વિસ્તારમાં મુક્તપણે હરવા-ફરવાનું સ્વાતંત્ર્ય

(v) ભારતના કોઈ પણ ભાગમાં રહેવાની તેમજ કાયમી ધોરણે સ્થાયી વસવાટ કરવાની સ્વતંત્રતા

(vi) કોઈ પણ વ્યવસાય, ધંધો, રોજગાર કે વેપાર કરવાનું સ્વાતંત્ર્ય

આપણે રાજ્ય અને સમાજમાં રહીએ છીએ એટલે આ બધી સ્વતંત્રતાઓનો ઉપયોગ મન ફાવે તે રીતે અથવા સ્વચ્છંદી રીતે કરી ન શકીએ તેથી આ દરેક સ્વતંત્રતા ઉપર બંધારણે અમુક વાજબી મર્યાદાઓ મૂકેલી છે. કઈ સ્વતંત્રતા કઈ મર્યાદાઓ હેઠળ ભોગવવાની છે એની સ્પષ્ટતા પણ બંધારણમાં કરવામાં આવી છે.

વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય કેટલીક મર્યાદાઓને આધીન રહીને નાગરિક ભોગવી શકે છે. જેમકે, રાજ્યની સલામતી, વિદેશી રાજ્યો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો, જાહેર વ્યવસ્થા, સુરુચિ અને નીતિમત્તા, અદાલતનો તિરસ્કાર, બદનક્ષી કે ગુના માટે ઉશ્કેરણી વગેરે જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય જાહેર હિતમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર વાજબી મર્યાદા લાદી શકે છે. આ જ રીતે જાહેર વ્યવસ્થાના હિતમાં શાંતિપૂર્ણ અને શસ્ત્રો વિના ભેગા મળવાની સ્વતંત્રતા પર રાજ્ય વાજબી મર્યાદા લાદી શકે છે. એ જ રીતે મંડળો, સંસ્થાઓ અને સંઘો રચવાની સ્વતંત્રતા પર પણ એ આધારે મર્યાદા મૂકી શકે છે. ઉપરાંત, જાહેર હિતમાં દેશમાં મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા પર પણ રાજ્ય વાજબી મર્યાદા લાદી શકે છે. ધંધો-વેપાર અને વ્યવસાય કરવાની સ્વતંત્રતા પર પણ જાહેર હિતમાં મર્યાદા લાદી શકે. જે-તે ધંધો-વ્યવસાય કરવા માટે જરૂરી લાયકાતો કે ધોરણો રાજ્ય નક્કી કરી શકે છે. આમ, નાગરિકોએ યોગ્ય મર્યાદામાં રહીને સ્વતંત્રતાઓ ભોગવવાની છે.

કલમ 20, 21 અને 22 વ્યક્તિ-સ્વાતંત્ર્યના રક્ષણ સાથે જોડાયેલી છે. કલમ 20 હેઠળ વ્યક્તિને ચાર સલામતીઓ આપવામાં આવી છે : (ક) ગુનાના સમયે અમલમાં હોય તે કાયદાનો ભંગ કર્યો હોય તો જ વ્યક્તિને ગુનેગાર ઠેરવી શકાય. (ખ) ગુનાના સમયે અમલી કાયદામાં જણાવવામાં આવી હોય તેથી વધુ સજા કરી શકાય નહિ. (ગ) એક જ ગુના માટે એકથી વધુ વાર સજા કરી શકાય નહિ. (ઘ) ગુનેગારને પોતાની વિરુદ્ધ જુબાની આપવાની ફરજ પાડી શકાય નહિ.

કલમ 21 જીવન અને અંગત સ્વાતંત્ર્યના રક્ષણની ખાતરી આપે છે. કલમ 21 હેઠળ આપવામાં આવેલ જીવન અને અંગત સ્વાતંત્ર્યનું અર્થઘટન કરતાં ભારતની સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, જીવનનો અર્થ માત્ર અસ્તિત્વ ટકાવી રાખવું એવો થતો નથી, પણ 'માનવીય ગૌરવ સાથે જીવવું' એવો થાય છે. શિક્ષણ વગર માનવ ગૌરવભર્યું જીવન કેવી રીતે જીવી શકે ? તેથી વર્ષ 2002માં 86માં બંધારણીય સુધારા દ્વારા કલમ 21(A)નો ઉમેરો કરવામાં આવ્યો અને બાળકના પ્રાથમિક શિક્ષણ મેળવવાના હકને મૂળભૂત હકનો દરજ્જો આપવામાં આવ્યો. વર્ષ 2009માં તેને કાયદાનું સ્વરૂપ અપાયું અને છથી ચૌદ વર્ષના બાળકને રાજ્યે 'નિઃશુલ્ક અને ફરજિયાત' શિક્ષણ પૂરું પાડવાનું રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી. આ રીતે શિક્ષણ મેળવવાનો હક-રાઇટ ટુ એજ્યુકેશન (RTE) મૂળભૂત હકનું સ્થાન પામ્યો. આમ, જીવન જીવવાના હકને વધુ વિસ્તૃત બનાવવામાં આવ્યો છે.

કલમ 22 હેઠળ ધરપકડ અને અટકાયત સામે રક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે : (ક) ધરપકડનું કારણ જાણવાનો હક (ખ) પોતાની પસંદગીના વકીલ સાથે ચર્ચા અને તેના દ્વારા બચાવ કરવાનો હક (ગ) ધરપકડ કે અટકમાં લેવામાં આવેલ વ્યક્તિને નજીકના મૅજિસ્ટ્રેટ સમક્ષ 24 કલાકમાં રજૂ કરવો જરૂરી છે. અપવાદરૂપે, ધરપકડના સમયે દુશ્મન રાજ્યની વ્યક્તિને આ અધિકારો મળતાં નથી. આ ઉપરાંત જેમની અટકાયતી ધારા હેઠળ ધરપકડ થઈ હોય તેમને પણ આ અધિકારો મળતાં નથી.

આ પ્રમાણે વ્યક્તિઓની પાયાની સ્વતંત્રતાઓનું રક્ષણ કરવા માટે આ કલમો હેઠળ આપવામાં આવેલા હકો મહત્ત્વના છે.

**(3) શોષણ સામેનો હક (કલમ 23-24) :** શોષણ મુક્ત સમાજની રચના એ આપણા બંધારણનું એક ધ્યેય છે. આ સંદર્ભમાં એક મૂળભૂત હક તરીકે શોષણ વિરોધી હકનો સમાવેશ કરવામાં આવ્યો છે. કલમ 23 હેઠળ વેઠપ્રથા અને મનુષ્યોનાં ખરીદ-વેચાણ પર પ્રતિબંધ છે. આ અધિકાર ખાનગી વ્યક્તિ કે સંગઠનો દ્વારા કરાવવામાં આવતી વેઠપ્રથા, ભીખ અને

ધાકધમકીથી દબાણપૂર્વક કરાવવામાં આવતી મજૂરી વગેરે જેવા કાર્યને રોકે છે અને કાયદા હેઠળ ગુનાપાત્ર ઠેરવે છે. આમ છતાં, રાજ્ય જાહેર હેતુઓ માટે ફરજિયાત સેવાઓ માંગી શકે છે. દા.ત., ફરજિયાત લશ્કરી તાલીમ.

આ અધિકાર સ્ત્રીઓ તેમજ બાળકોની ગેરકાયદે કે અનૈતિક હેતુઓ માટે કરવામાં આવતી ખરીદી, વેચાણ કે ભાડે રાખવાના કાર્યને રોકે છે.

કલમ 24 કુમળી વયનાં બાળકો કે કિશોરોને શોષણ સામે સલામતી પૂરી પાડે છે. આ કલમ 14 વર્ષથી ઓછી વયનાં બાળકોને કોઈ પણ પ્રકારના કામમાં નોકરીએ રાખવાની મનાઈ ફરમાવે છે. આ સંદર્ભમાં ભારતની સંસદે બાળ મજૂરી વિરોધી કાયદો પણ પસાર કર્યો છે. આમ, કલમ 24 બાળકોને રક્ષણ પૂરું પાડે છે.

**(4) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક (કલમ 25 થી 28) :** બંધારણનાં લક્ષણોની ચર્ચામાં તેમજ આમુખમાં આપણે જોઈ ગયા છીએ કે, ભારત એક બિનસાંપ્રદાયિક કે ધર્મનિરપેક્ષ રાજ્ય છે. એનો અર્થ એ થાય કે ભારતનું રાજ્ય કોઈ ધર્મ કે સંપ્રદાયના સિદ્ધાંતો કે માન્યતાઓને આધારે ચાલતું નથી. રાજ્યને પોતાનો કોઈ ધર્મ નથી. આપણા દેશમાં ઘણા ધર્મો પાળવામાં આવે છે. આથી ધાર્મિક સ્વતંત્રતાનો હક માન્ય રાખવામાં આવ્યો છે. વ્યક્તિના ધર્મ કે ધાર્મિક માન્યતાઓ કે શ્રદ્ધાની બાબતમાં રાજ્ય સંપૂર્ણ રીતે નિરપેક્ષ છે. કલમ 25 અનુસાર દરેક નાગરિક અંતઃકરણની સ્વતંત્રતા ધરાવે છે, પોતાને પસંદ એવા કોઈ પણ ધર્મમાં માનવાની, તેનું આચરણ કરવાની, તેનો પ્રચાર અને પ્રસાર કરવાની સ્વતંત્રતા ધરાવે છે. સાથે એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે ધાર્મિક બાબતો સાથે સંકળાયેલી આર્થિક, નાણાકીય અને રાજકીય પ્રવૃત્તિઓ ઉપર સરકાર જરૂરી નિયમનો મૂકી શકે છે. ઉપરાંત જાહેર વ્યવસ્થા અને નીતિમત્તાના આધાર પર રાજ્ય આ હક પર જરૂરી નિયંત્રણો લાદી શકે છે.

કલમ 26 હેઠળ દરેક ધાર્મિક સંપ્રદાયને ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો, નિભાવવાનો, સ્થાવર અને જંગમ મિલકતો રાખવાનો તેમજ નિભાવવાનો કે વહીવટ કરવાનો અધિકાર છે. કલમ 27 અનુસાર ધાર્મિક સંસ્થાઓના વિકાસ કે જાળવણી માટે કોઈ પણ વેરો આપવાની નાગરિકને ફરજ પાડી શકાય નહિ. કલમ 28 મુજબ રાજ્યની સહાયથી ચાલતી શિક્ષણ સંસ્થાઓમાં કોઈ એક ધર્મ માટેનું વિશિષ્ટ શિક્ષણ આપી શકાય નહિ તેમજ કોઈ વિદ્યાર્થીને ધર્મની વિધિ પ્રમાણે વર્તન કરવા ફરજ પાડી શકાય નહિ. અહીં એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે કે, ધાર્મિક શિક્ષણ આપવાના હેતુસર સ્થાપવામાં આવેલ કોઈ સખાવતી કે ટ્રસ્ટની સંસ્થાઓને આ લાગુ પડશે નહિ.

**(5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો (કલમ 29-30) :** ભારતમાં અનેક પ્રકારની વિવિધતા છે. જેમકે વિવિધ ભાષા, લિપિ, ધર્મ, જ્ઞાતિ, જાતિ, સંસ્કૃતિ વગેરે. આથી આ વૈવિધ્યની જાળવણી કરવા માટેના અધિકારો બંધારણમાં સુરક્ષિત કરવામાં આવ્યા છે. કલમ 29 અને 30 વિવિધ સમૂહોને પોતાની ભાષા, લિપિ કે સંસ્કૃતિનું જતન અને રક્ષણ કરવાના હકો આપે છે. કલમ 29 અનુસાર પોતાની આગવી ભાષા, લિપિ કે સંસ્કૃતિ ધરાવતી કોઈ પણ લઘુમતીને તેનું જતન કરવાનો હક છે. ઉપરાંત, એવી પણ બાંયધરી આપવામાં આવી છે કે, રાજ્યની મદદથી ચાલતી કોઈ પણ શિક્ષણ સંસ્થામાં પ્રવેશ આપવાની બાબતે ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા કે એવી કોઈ બાબતને આધારે કોઈ ભેદભાવ આચરવામાં આવશે નહિ.

કલમ 30 હેઠળ ધર્મ કે ભાષાના આધારે રચાયેલી બધી જ લઘુમતીઓને તેમની પોતાની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. ઉપરાંત, અમુક સંસ્થા લઘુમતી સંસ્થા છે, એ જ કારણસર એવી સંસ્થા પ્રત્યે રાજ્ય કોઈ ભેદભાવ આચરશે નહિ.

ભારત જેવા દેશમાં, જ્યાં વિવિધ પ્રકારની લઘુમતીઓ છે, ત્યાં આ હકોનું વિશિષ્ટ મહત્ત્વ છે.

### મિલકતનો હક (કલમ 31) અને તેની નાબૂદી

બંધારણના અમલની સાથે મૂળભૂત હકોમાં મિલકતના હકનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. ભારતના નાગરિકને મિલકત પ્રાપ્ત કરવાનો, ધરાવવાનો અને નિકાલ કરવાનો અધિકાર મૂળભૂત હક તરીકે પ્રાપ્ત હતો. પરંતુ, તેના અર્થઘટન સંબંધે ખૂબ વિવાદો સર્જાયા, મિલકતના હકને સ્પષ્ટ કરવા બંધારણમાં પણ અનેક સુધારાઓ કરવા પડ્યા છેવટે 1978માં 44માં બંધારણીય સુધારા દ્વારા આ હકને મૂળભૂત હકોની યાદીમાંથી ખસેડીને નવી કલમ-300 (A)માં મૂકવામાં આવ્યો

છે. જોકે, તેમાં જૂના શબ્દો જ યથાવત્ રખાયેલા છે. હવે આ હક માત્ર કાનૂની હકનું સ્થાન ધરાવે છે. એટલે કે, કાયદાના આધાર વિના કોઈ પણ વ્યક્તિને તેની મિલકતથી વંચિત કરી શકાશે નહિ.

**(6) બંધારણીય ઈલાજોનો હક (કલમ 32) :** મૂળભૂત હકોના અમલ અને રક્ષણ માટે બંધારણીય ઈલાજોના હકને એક મૂળભૂત હકનો દરજ્જો આપીને બંધારણના ઘડવૈયાઓએ આ હકોને વધુ સલામત બનાવ્યા છે. ભારતના કોઈ પણ નાગરિકને એવું લાગે કે એના મૂળભૂત હકોનો અમલ થતો નથી અથવા તો તેનો ભંગ થાય છે, તો તે આ હક દ્વારા સર્વોચ્ચ અદાલતમાં જઈ ધા નાખી શકે છે. આમ, આ હક નાગરિકને અદાલતોમાં જવાનો હક આપે છે. તો બીજી બાજુ આ હક હેઠળ સર્વોચ્ચ અદાલતની એ ફરજ બને છે કે તેઓ નાગરિકોના હકોનું રક્ષણ કરે. બંધારણસભાના સભ્ય અને મુસદ્દા સમિતિના અધ્યક્ષ એવા ડૉ. ભીમરાવ આંબેડકરે આ હક વિશે જણાવ્યું હતું કે, ''તે બંધારણનો આત્મા છે અને બંધારણનું હાર્દ છે.''

કલમ 32 હેઠળ નાગરિકોના હકોનું રક્ષણ કરવા માટે સર્વોચ્ચ અદાલતને કેટલાક હુકમો બહાર પાડવાની સત્તા આપવામાં આવી છે.

**મૂળભૂત હકોનું રક્ષણ**

નાગરિકોના હકોનું રક્ષણ કરવા માટે રાજ્યના કાયદાની જોગવાઈ કરવામાં આવી છે. જો કોઈ પણ વ્યક્તિ અથવા તો સંસ્થા બીજી વ્યક્તિના મૂળભૂત હકનો ભંગ કરે તો રાજ્યનો કાયદો તે વ્યક્તિના હકનું રક્ષણ કરે છે અને હકનો ભંગ કરનારને શિક્ષા કરે છે. ઘણી વખત એવું પણ બને છે કે સરકાર દ્વારા નાગરિકોના હકોને મર્યાદિત બનાવવા પ્રયત્નો થાય છે. આવા સંજોગોમાં આ હકોનું રાજ્યથી કેવી રીતે રક્ષણ કરવું તેનો પણ વિચાર કરવામાં આવ્યો. આધુનિક લોકશાહીમાં હકોના રક્ષણ માટે કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે. જેમકે; મૂળભૂત હકોને બંધારણમાં લેખિત સ્વરૂપ આપીને, ન્યાયતંત્ર દ્વારા સલામતી. આ ઉપરાંત નાગરિકોની જાગૃતિ તેમજ અસરકારક લોકમત પણ હકોના રક્ષણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**મૂળભૂત ફરજો**

આપણા બંધારણમાં મૂળભૂત હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ મૂળભૂત ફરજોને સ્થાન આપવામાં આવ્યું ન હતું. પરંતુ પાછળથી 1976માં બંધારણમાં 42મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો અને આ સુધારા દ્વારા બંધારણમાં ભાગ 4-A તથા નવી કલમ 51(A) હેઠળ મૂળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો. આ પ્રમાણે લોકશાહી રાજ્યોનાં બંધારણોમાં મૂળભૂત ફરજોની જોગવાઈ કરતું ભારતીય બંધારણ ખાસ ધ્યાન ખેંચે છે.

**બંધારણની કલમ-51(A) હેઠળ ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :**

(1) બંધારણને વફાદાર રહેવાની અને તેના આદર્શો તેમજ રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર તથા ગૌરવ કરવું.

(2) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોનો હૃદયથી આદર કરવો અને તે અનુસાર વર્તવું.

(3) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવું અને રક્ષણ કરવું.

(4) દેશનું રક્ષણ અને રાષ્ટ્રની સેવા કરવા માટે જ્યારે હાકલ કરવામાં આવે ત્યારે તત્પર રહેવું.

(5) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવી અને સ્ત્રીઓના ગૌરવને હણનારા વ્યવહારોનો ત્યાગ કરવો.

(6) આપણી વિશિષ્ટ સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજવું અને તેને જાળવવું.

(7) જંગલો, તળાવો, નદીઓ અને અન્ય પશુપક્ષીઓ સહિતની કુદરતી સંપત્તિનું જતન તથા સંવર્ધન કરવું તેમજ તમામ જીવો પ્રત્યે અનુકંપા દાખવવી.

(8) વૈજ્ઞાનિક માનસ, માનવવાદ, શોધ કે જિજ્ઞાસાવૃત્તિ તથા સુધારણા કરવા માટેની ભાવના કેળવવી.

(9) જાહેર મિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો ત્યાગ કરવો.

(10) વ્યક્તિ અને સમૂહ પ્રવૃત્તિના દરેક ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો, જેથી રાષ્ટ્ર પ્રગતિ અને સિદ્ધિનાં સોપાનો ઉત્તરોત્તર હાંસલ કરતું રહે.

(11) માતા-પિતા અથવા વાલીએ 6થી 14 વર્ષની વય સુધીના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

આમ, આ બધી ફરજો સ્વયંસ્પષ્ટ છે.

હકો અને ફરજો વિશે સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે તે એક સિક્કાની બે બાજુઓ જેવા છે. 'એકનો હક એ બીજાની ફરજ' એવું કહેવાય છે. પરંતુ મૂળભૂત ફરજોની બાબતમાં એવું કહી શકાય નહિ. અમુક એવી ફરજો છે કે જેના પાલન થકી કેટલાક હકોનું સર્જન થાય છે. અલબત્ત, આ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો છે જે સમાજ અને રાષ્ટ્રમાં આપણે રહીએ છીએ તેમના પ્રત્યે આપણી કેટલીક ફરજો છે.

વધુમાં, આ ફરજો આપોઆપ નાગરિકો માટે બંધનકારક બનતી નથી, પણ જો કોઈ ફરજને લાગુ પાડવા માટે કાયદો ઘડવામાં આવે તો તેનું પાલન કરવું બંધનકારક બને છે. અને તેનો ભંગ કરનારને સજા અથવા દંડ થઈ શકે છે. દા.ત., પર્યાવરણનું જતન કે વન્યજીવનના રક્ષણ માટે કાયદા ઘડવામાં આવ્યા છે અને તેનો ભંગ કરનારને સજા થઈ શકે છે. આ જ રીતે જાહેર મિલકતોને નુકસાન કરનાર કે હિંસાનો આશરો લેનાર સજાપાત્ર બને છે. કેટલીક ફરજો આદર્શો અને મૂલ્યોની જાળવણી કરવાની વાત કરે છે. જેમના માટે કાયદા ઘડવા અત્યંત મુશ્કેલ છે. દા.ત., વૈજ્ઞાનિક માનસ કેળવવું, સુધારણા કરવાની ભાવના રાખવી, માનવવાદનાં મૂલ્યોને જીવનમાં ચરિતાર્થ કરવાં વગેરે.

રાષ્ટ્રના એક જાગ્રત અને સમજદાર નાગરિક તરીકે આપણે શું કરવું જોઈએ તેનું સ્પષ્ટ માર્ગદર્શન આ મૂળભૂત ફરજો આપણને આપે છે. સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે આપણું જે ઋણ છે, એ આપણે સતત યાદ રાખીએ અને એવો વ્યવહાર કરીએ, એમાં જ આ ફરજોની ઉપયોગિતા છે. વિશેષ અગત્યની બાબત એ છે કે પ્રાથમિક શાળાથી પાઠ્યપુસ્તકોના શરૂઆતના પાના પર જ આ ફરજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બાળકો અને કિશોરોમાં જો આ ફરજોનો વ્યાપક પ્રચાર-પ્રસાર થાય અને એમને એનું સતત શિક્ષણ આપવામાં આવે તો ભવિષ્યના નાગરિકોમાં સામાજિક અને રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વની ભાવના વધુ મજબૂત બનાવી શકાય.

**રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો**

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ બંધારણના ભાગ-4 માં કરવામાં આવ્યો છે. ઘણા ઓછા દેશોનાં બંધારણોમાં આવા માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ થયેલો છે. આયર્લેન્ડના બંધારણમાંથી પ્રેરણા લઈ આપણા બંધારણના ઘડવૈયાઓએ આ સિદ્ધાંતોનો સમાવેશ આપણા બંધારણમાં કર્યો છે. માર્ગદર્શક સિદ્ધાંતોનો બંધારણમાં સમાવેશ કરવાનો મુખ્ય હેતુ સરકારોને જુદાં-જુદાં ક્ષેત્રોમાં કઈ-કઈ અને કેવી-કેવી નીતિઓ ઘડવી તે સંબંધે માર્ગદર્શન આપવાનો છે. એટલા માટે તેને 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' કહેવામાં આવે છે. નીતિ ઘડતર વખતે આ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને નીતિઓ ઘડવાની છે અને તેમનો અમલ કરવાનો છે. આ અર્થમાં તેને 'નીતિદર્શક સિદ્ધાંતો' તરીકે પણ ઓળખાવી શકાય. આઝાદી પછી આપણે કેવા પ્રકારના રાષ્ટ્રનું નિર્માણ કરવા ઇચ્છીએ છીએ, કેવા પ્રકારનો સમાજ રચવા માંગીએ છીએ, આપણું ધ્યેય શું છે વગેરેનું સ્પષ્ટ દિશાસૂચન કરવાનો હેતુ આ સિદ્ધાંતોનો છે. બીજા શબ્દોમાં, સામાજિક પરિવર્તનની કાર્યસૂચિ (એજન્ડા) છે.

કેટલાક હકોનો સમાવેશ આપણા બંધારણમાં મૂળભૂત હકો તરીકે કરવામાં આવ્યો છે. પણ બીજા ઘણા હકો એવા છે જેનો સમાવેશ માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવામાં આવ્યો છે.

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ભારતના બંધારણના ચોથા ભાગમાં 36મી કલમથી 51મી કલમ સુધીમાં સમાવવામાં આવ્યા છે.

હવે આપણે કયા-કયા સિદ્ધાંતોનો માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેની વિગતે સમજ મેળવીએ.

**(1) રાજકીય અને વિદેશી સંબંધો વિશેના સિદ્ધાંતો :**

(i) ગ્રામીણ જીવનના વિકાસ માટે ગ્રામપંચાયતોની સ્થાપના તથા તેમને વધુમાં વધુ સ્વાયત્તતા આપવાના પ્રયાસો રાજ્ય કરશે.

(ii) ભારતમાં રહેતા બધા નાગરિકો માટે એકસરખો દીવાની કાયદો (યુનિફોર્મ સિવિલ કોડ) ઘડવાનો પ્રયાસ રાજ્ય કરશે.

(iii) કાયદાનું શાસન સ્થાપવા માટે વહીવટીતંત્રને ન્યાયતંત્રથી અલગ કરવા માટેનાં જરૂરી પગલાં રાજ્ય ભરશે.

(iv) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જળવાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(v) અન્ય દેશો સાથે ન્યાયી અને ગૌરવપ્રદ સંબંધો જળવાય એ દિશામાં રાજ્ય પ્રયાસ કરશે.

(vi) આંતરરાષ્ટ્રીય કાયદાનો આદર થાય અને આંતરરાષ્ટ્રીય કરારનું પાલન થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(vii) આંતરરાષ્ટ્રીય મતભેદોનો નિકાલ લવાદ પ્રથાને માર્ગે થાય એ બાબતને રાજ્ય પ્રોત્સાહન આપશે.

**(2) સામાજિક-આર્થિક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :**

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સમાજના અન્ય નબળા અને વંચિત વર્ગોના રક્ષણ અને ઉત્કર્ષ માટે રાજ્યએ વિશેષ પ્રયાસો કરવાના છે. માર્ગદર્શક સિદ્ધાંતો ઉપરાંત સમાનતાના મૂળભૂત હક હેઠળ પણ આવી જોગવાઈઓ કરવાની રાજ્યને છૂટ આપવામાં આવી છે.

રાજ્ય પોતાનાં નાણાકીય સાધનોના પ્રમાણમાં રોજી માટે, શિક્ષણ માટે તથા બેકારી, વૃદ્ધાવસ્થા, માંદગી કે અન્ય પ્રકારની અક્ષમતાની સ્થિતિમાં રાજ્યની સહાય મેળવવા માટે નાગરિકને અધિકાર આપશે. ખેતી તેમજ ઔદ્યોગિક કામદારો અને ખાસ કરીને સ્ત્રી કામદારોના કલ્યાણ અંગેના કાયદાઓ રાજ્યે કરવાના રહેશે. જીવનક્ષમ વેતન, આરામ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા રજાના ઉચિત ઉપયોગ તેમજ અન્ય સુવિધાઓનો એમાં સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગૃહ ઉદ્યોગો તથા સહકારી પ્રવૃત્તિઓ તથા બાળકો માટે ફરજિયાત શિક્ષણ માટે, સમતોલ આહાર અને સ્વાસ્થ્ય સેવાઓ શરૂ કરવા માટે તથા માદક દ્રવ્યો ઉપર પ્રતિબંધ મૂકવા વગેરે અંગે રાજ્યએ જોગવાઈઓ કરવાની રહેશે.

આર્થિક નીતિક્ષેત્રમાં પણ ઘણા મહત્ત્વના સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે આ પ્રમાણે છે :

(i) રાષ્ટ્રનાં ભૌતિક સંસાધનોની માલિકી અને વહીવટનું એવી રીતે વિતરણ કરવું કે જેથી સૌનું શ્રેય સધાય.

(ii) સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોનું કેન્દ્રીકરણ ન થાય તેની તકેદારી રાજ્યએ રાખવાની રહેશે.

(iii) જીવનનિર્વાહનાં પૂરતાં સાધનો પ્રાપ્ત કરવાનો હક સૌ નાગરિકોને મળે તે જોવાનું કાર્ય રાજ્યનું રહેશે.

(iv) સમાન કામગીરી માટે સ્ત્રી અને પુરુષને સમાન વેતનની જોગવાઈ કરવી.

(v) સ્ત્રી-પુરુષ કામદારો અને કુમળી વયનાં બાળકોના સ્વાસ્થ્યની જાળવણી કરવી. આર્થિક લાચારીને કારણે ઉંમર અને ક્ષમતાથી વિરુદ્ધ સ્વરૂપની કામગીરી તેમને કરવી ન પડે તે માટેની રાજ્યએ કાળજી રાખવી.

(vi) ઔદ્યોગિક એકમોના સંચાલનમાં કામદારોની ભાગીદારી માટે રાજ્ય પ્રયાસ કરશે.

(vii) બાળકોના તંદુરસ્ત વિકાસ માટે જરૂરી તકો અને સવલતો ઊભી કરવામાં આવે અને તેમનું કોઈ પણ પ્રકારનું શોષણ ન થાય એ માટે રાજ્યએ ખાસ પ્રકારનાં પગલાં ભરવાનાં રહેશે.

(viii) નાગરિકોને કામ કરવાનો હક પ્રાપ્ત થાય તથા ઘડપણ કે અપંગ અવસ્થામાં તેમને રાજ્ય તરફથી સહાય પ્રાપ્ત થાય એ દિશામાં રાજ્ય પગલાં ભરશે.

(ix) કામદારોના કામના સ્થળે યોગ્ય અને માનવીય પરિસ્થિતિઓનું સર્જન કરવામાં આવે, સ્ત્રીઓને પ્રસૂતિ સમયે જરૂરી રાહત પૂરી પાડવામાં આવે તે જોવાનું કાર્ય રાજ્યનું રહેશે.

(x) કૃષિ અને ઔદ્યોગિક કામદારોને જીવનનિર્વાહ થઈ શકે એટલું યોગ્ય અને પૂરતું વેતન પ્રાપ્ત થાય, રાજ્ય દ્વારા કુટીરઉદ્યોગ અને ગૃહ ઉદ્યોગોને ઉત્તેજન આપવામાં આવે તેવી વ્યવસ્થાનું નિર્માણ રાજ્યએ કરવાનું રહેશે.

(xi) કૃષિ અને પશુપાલનનો આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે વિકાસ કરવામાં આવે તેમજ દુધાળાં પશુઓની કતલ અટકાવવાનો પ્રયાસ કરવાનો રહેશે.

(xii) સૌને ન્યાય મળે એ રીતે ન્યાય અંગેની વ્યવસ્થા અને જરૂરિયાતમંદ લોકોને મફત કાનૂની સહાય મળે તે માટે રાજ્ય પ્રબંધ કરશે.

આમ, આ સિદ્ધાંતોનો હેતુ એક સમતામુલક, શોષણવિહીન, કલ્યાણલક્ષી સમાજ અને સમાજવાદી અર્થવ્યવસ્થા સ્થાપવાનો છે. બીજા શબ્દોમાં કહીએ તો, રાજકીય લોકશાહીની સાથે સાથે સામાજિક તેમજ આર્થિક લોકશાહી સ્થાપવાનો છે.

**(3) શૈક્ષણિક અને સાંસ્કૃતિક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :**

(i) બંધારણના આરંભ થવાના દસ વર્ષની અંદર ચૌદ વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(ii) ઐતિહાસિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ મહત્ત્વના જાહેર કરવામાં આવ્યા હોય એવાં સ્મારકો, કલાકૃતિઓ, ઇમારતો કે સ્થળોનાં બગાડ, વિકૃતિ કે વિનાશ અટકાવવા તેમજ રાજ્ય દ્વારા તેનું રક્ષણ કરવાનું રહેશે.

આમ, આ સિદ્ધાંતોનો હેતુ ચૌદ વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને સાર્વત્રિક શિક્ષણ આપવાનો અને રાષ્ટ્રના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું યોગ્ય રીતે જતન થાય તે જોવાનો છે.

**(4) આરોગ્યવિષયક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :**

(i) લોકોનું આરોગ્ય અને પોષણનું સ્તર સુધરે એ માટે રાજ્ય પ્રયાસ કરશે. જાહેર આરોગ્ય અને જનસુખાકારી માટે રાજ્ય જરૂરી પગલાં ભરશે.

(ii) આરોગ્ય માટે હાનિકારક એવાં કેફી પદાર્થો, પીણાં, માદક પદાર્થો વગેરે પર રાજ્ય પ્રતિબંધ મૂકશે. દારૂબંધી અંગેની જોગવાઈઓ પણ રાજ્યએ કરવાની રહેશે. જેમકે, ગુજરાત રાજ્યમાં દારૂબંધી અમલમાં છે અને તાજેતરમાં કેરલ તથા બિહાર રાજ્યએ પણ દારૂબંધી દાખલ કરી છે.

(iii) દેશના પર્યાવરણનું રક્ષણ થાય અને તેમાં સુધારો થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે. દેશનાં જંગલો અને વન્યસૃષ્ટિના રક્ષણ માટેના ખાસ પ્રયાસો રાજ્યએ કરવાના રહેશે.

આમ, નાગરિકોના આરોગ્યની જાળવણી અને તેમાં સુધારો થાય એ માટે રાજ્યએ પ્રયત્નશીલ રહેવાનું છે. પર્યાવરણની સુરક્ષા અને સંવર્ધન માટે પણ રાજ્યએ વિશેષ પ્રયાસ કરવાના છે એ મુદ્દા પર આ સિદ્ધાંતો ખાસ ભાર મૂકે છે.

બંધારણના ઘડવૈયાઓએ આ સિદ્ધાંતો દ્વારા ભારતની નવી સામાજિક અને આર્થિક વ્યવસ્થાનું ધ્યેય આપણી સમક્ષ મૂક્યું છે. આર્થિક અને સામાજિક લોકશાહી સ્થાપવા માટે આ સિદ્ધાંતો દોરવણીરૂપ છે. આમુખમાં વ્યક્ત થયેલા લોકશાહી આદર્શોને રાજકીય, સામાજિક અને આર્થિકક્ષેત્રે મૂર્તિમંત કરવા વિસ્તૃત રીતે રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છે. તેમાં આધુનિક કલ્યાણ રાજ્યની ભાવના પણ વ્યક્ત થયેલી છે. આ સિદ્ધાંતોમાં જુદી-જુદી વિચારધારાઓનાં મહત્ત્વનાં તત્ત્વોનો સમન્વય કરવામાં આવ્યો છે. એમાં સમાજવાદી વિચારધારા, ઉદારમતવાદી વિચારધારા અને ગાંધીવાદી વિચારધારાના કેટલાક અંશોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. શોષણ અને અન્યાયથી મુક્ત એવી ન્યાયી સમાજ-વ્યવસ્થાનું સ્વપ્ન તેમાં રજૂ કરવામાં આવ્યું છે. આ સ્વપ્ન સાકાર કરવાની જવાબદારી 'રાજ્ય' ને શિરે મૂકવામાં આવી છે.

માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાયદાનું પીઠબળ ન હોવાથી બંધારણ ઘડતરના તબક્કાએથી જ ટીકાપાત્ર બન્યા છે.જોકે આવી અનેક ટીકાઓ થતી હોવા છતાં આ સિદ્ધાંતો અર્થહીન તો નથી જ. જો લોકમત સક્રિય અને જાગ્રત હોય તો તેનો અમલ કરાવવાની રાજ્યને ફરજ પાડી શકાય તેમ છે. અદાલતી સક્રિયતાને કારણે પણ માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવાની રાજ્યને ફરજ પડી છે.

સ્ત્રી અને પુરુષ કામદારોને સમાન વેતનનો આદર્શ અમલમાં મૂકવામાં આવ્યો છે. સામુદાયિક વિકાસ-યોજના દ્વારા લોકોની ઉન્નતિનાં કાર્યો કરવામાં આવ્યાં છે. પંચાયતીરાજની સ્થાપના દ્વારા સ્થાનિક સંસ્થાઓને સ્વાયત્તતા આપવામાં આવી છે. બાળકોનું શોષણ અટકાવવા માટે બાળ મજૂરીવિરોધી કાયદા ઉપરાંત અનેક કાયદાઓ થયા છે. પ્રાથમિક કક્ષાએ નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. વર્ગીકૃત જાતિઓના ઉદ્ધાર માટે ઘણાં પગલાં લેવામાં આવ્યાં છે. મહિલા કલ્યાણ અને વિકાસ અર્થે વિવિધ કાયદાઓ અને યોજનાઓની જોગવાઈઓ કરવામાં આવી છે. સ્ત્રી સશક્તિકરણની દિશામાં પણ સતત અને નક્કર પ્રયાસો થઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શાંતિ અને સલામતી જાળવવામાં ભારતે મહત્ત્વની કામગીરી બજાવી છે.

**મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત**

મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતોનો અભ્યાસ કર્યા પછી હવે એમની વચ્ચે જે તફાવત છે, તેનો ખ્યાલ મેળવીએ :

(1) મૂળભૂત હકો પાછળ કાનૂની પીઠબળ હોઈ તેમનો અમલ અદાલતો દ્વારા કરાવી શકાય છે. મૂળભૂત હકો ઉપર તરાપ આવતાં કોઈ પણ નાગરિક અદાલતનો આશરો લઈ શકે છે. તેથી તે 'અદાલતો દ્વારા અમલમાં મૂકી શકાય' (જસ્ટિશિયેબલ) તેવું સ્વરૂપ ધરાવે છે. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાનૂની પીઠબળ નથી તેથી તેનાં અમલ માટે અદાલતમાં જઈને દાદ માગી શકાય નહિ. આમ તેમનું સ્વરૂપ 'અદાલતો દ્વારા અમલમાં ન મૂકી શકાય તેવું' (નોન-જસ્ટિશિયેબલ) છે. આ સિદ્ધાંતો માત્ર માર્ગદર્શક છે. આમ છતાં, તેમનું મહત્ત્વ જરા પણ ઓછું નથી. ડાસ. બાબાસાહેબ આંબેડકરના શબ્દોમાં ''માર્ગદર્શક સિદ્ધાંતો દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંતો છે.''

(2) મૂળભૂત હકો રાજ્ય ઉપર મર્યાદા મૂકે છે અને અમુક કાર્ય નહિ કરવાનું ફરમાવે છે. જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હકારાત્મક છે, તે રાજ્યને અમુક કાર્ય કરવા માટેનું માર્ગદર્શન આપે છે.

(3) મૂળભૂત હકોનો રાજ્ય અનાદર કરી શકે નહિ. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે રાજ્ય જવાબદાર નથી. આ સિદ્ધાંતો દીવાદાંડી સમાન હોઈ સરકાર માટે દિશાસૂચન કરે છે.

(4) મૂળભૂત હકો, મહદંશે, દેશમાં રાજકીય લોકશાહી સ્થાપે છે. એમાં નાગરિક સ્વાતંત્ર્ય પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતો સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવાનું ધ્યેય ધરાવે છે. એમાં સામાજિક સમાનતા અને આર્થિક હકો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

અંતમાં એમ કહી શકાય કે, મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો બંને મહત્ત્વના છે. વ્યક્તિ અને સમાજના ઉત્કર્ષ માટે બંને ઉપયોગી છે, એકબીજાના પૂરક છે.